नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नमः

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नमः

आगम- ३६

# વ્યવહાર

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]

'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૩૬

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (३६) વ્યવહાર

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | --- | --------------- | ----- |
| | | | | | |
| | | | | | |

# આગમસૂત્ર- ૩૬ 'વ્યવહાર'

## છેદ સૂત્ર- ૩ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| ઉદ્દેશો | | | ઉદ્દેશો | | |
| ૧ | પરિહાર સ્થાન, પ્રાયશ્ચિત્ત વિધિ | ૦૬ | ૬ | ભિક્ષા અતિશય, સાધુ સ્થાન આદિ | ૨૪ |
| ૨ | સાધર્મિક સહ વિચરણ ભૂલો, વિધિ | ૧૧ | ૭ | સાધુ સાધ્વી કલ્પ્યઅકલ્પ્ય વિધાન | ૨૭ |
| ૩ | દીક્ષાપર્યાય અને શાસ્ત્ર અનુજ્ઞાદિ | ૧૪ | ૮ | શય્યા સંથારાપાત્ર વિધિ આદિ | ૩૦ |
| ૪ | ઋતુકાલ સંબંધે સાધુ વિધિ નિષેધ | ૧૭ | ૯ | ખાવું,બેસવું,પ્રવેશવું આદિ વિષયો | ૩૩ |
| ૫ | ઋતુકાલ સંબંધે સાધ્વી વિધિ નિષેધ | ૨૧ | ૧૦ | પ્રતિમા વર્ણન | ૩૮ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | **-1- आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- (મૂળ) | 02 |
| | **-2- आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम (सटीकं)** | 04 |
| | **-3- आगममञ्जूषा (मूल प्रत)** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans。 | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | 01 |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह** (प्रा-सं-गु) | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | **-5- आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

**1-આગમ સાહિત્ય (કુલ પુસ્તક) 518**

**2–આગમેતર સાહિત્ય (કુલ પુસ્તક) 085**

**દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603**

# [૩૬] વ્યવહાર

## છેદસૂત્ર–૩– ગુજરાતી ભાવાનુવાદ

આ વ્યવહાર છેદસૂત્રમાં દશ ઉદ્દેશાઓ છે. દશે ઉદ્દેશા મળીને કુલ ૨૮૫ સૂત્રો નોંધાયેલા છે. વ્યવહાર સૂત્રનું ભાષ્ય હાલ ઉપલબ્ધ છે. તેના ઉપર પૂજ્ય મલયગિરિજીની ટીકા રચાયેલી છે. જે બંને અમારા 'આગમ–સુત્તાણી સટીકં' માં છપાયેલા છે. અમારી ઈચ્છા સંપૂર્ણ અનુવાદની હોવા છતાં, વડીલોમાં સટીક–અનુવાદ પ્રગટ કરવા વિશે એકમતી ન હોવાથી માત્ર સૂત્રનો અનુવાદ કરેલ છે.

## ઉદ્દેશો – ૧

આ ઉદ્દેશામાં સૂત્ર–૧ થી ૩૫ એટલે કે કુલ–૩૫ સૂત્રો છે. તેનો ક્રમશઃ અનુવાદ આ પ્રમાણે છે–

૧. જે સાધુ એક વખત માસિક પરિહાર સ્થાનની પ્રતિસેવના કરી આલોચના કરે તો તેને માયારહિત આલોચના કરે તો એક માસનું પ્રાયશ્ચિત્ત આવે, માયાસહિત આલોચના કરે તો બે માસ પ્રાયશ્ચિત્ત.

૨. જે સાધુ એક વખત બેમાસી પરિહાર સ્થાનની પ્રતિસેવના કરી આલોચના કરે તો તેને માયારહિત આલોચનાથી બે માસનું અને માયાસહિત આલોચના કરે તો ત્રણ માસનું પ્રાયશ્ચિત્ત આવે.

૩. જે સાધુ એક વખત ત્રણ માસિક પરિહાર સ્થાનની પ્રતિસેવના કરી આલોચના કરે તો તેને માયારહિત આલોચના કરતા ત્રણ માસનું અને માયાસહિત આલોચના કરતા ચાર માસનું પ્રાયશ્ચિત્ત આવે.

૪, ૫. ઉપરોક્ત આલાવા મુજબ ચાર માસે – ચાર માસ અને પાંચ માસ તથા
પાંચ માસે – પાંચ માસ અને છ માસ પ્રાયશ્ચિત્ત જાણવું પરંતુ તેથી ઉપરાંત માયાસહિત કે માયારહિત આલોચના કરે તો પણ તે છ માસનું જ પ્રાયશ્ચિત્ત આવે.

૬. જે સાધુ અનેક વખત માસિક પરિહાર સ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને માયારહિત આલોચના કરે તો એક માસનું પ્રાયશ્ચિત્ત આવે, માયાસહિત આલોચના બે માસનું પ્રાયશ્ચિત્ત.

૭. જે સાધુ અનેક વાર બેમાસી પરિહાર સ્થાનની પ્રતિસેવના કરીને આલોચના કરે તો તેને માયારહિત આલોચના કરતા બેમાસી પ્રાયશ્ચિત્ત આવે, માયાસહિત કરતા ત્રિમાસી પ્રાયશ્ચિત્ત આવે.

૮, ૯, ૧૦. ઉક્ત આલાવા મુજબ માયારહિત અને માયાસહિત આલોચનાથી પ્રાયશ્ચિત્ત અનુક્રમે,

- અનેકવાર ત્રણમાસી સેવનમાં ત્રણ માસ અને ચાર માસ,
- અનેકવાર ચારમાસી સેવનમાં ચાર માસ અને પાંચ માસ,
- અનેકવાર પાંચમાસી સેવનમાં પાંચ માસ અને છ માસ એ રીતે આવે.

તેનાથી ઉપરાંત માયાસહિત કે માયારહિત આલોચના કરતા તે જ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

૧૧. જે સાધુ માસિક યાવત્ પંચમાસિક પરિહાર સ્થાનોમાંથી કોઈ પરિહાર સ્થાનની એકવાર પ્રતિસેવના કરીને આલોચના કરે તો – તેને માયારહિત આલોચના કરે તો એ સેવિત પરિહાર સ્થાન મુજબ માસિક યાવત્ પંચમાસિક પ્રાયશ્ચિત્ત આવે અને માયાસહિત આલોચના કરવાથી આસેવિત પરિહાર સ્થાન અનુસાર બેમાસી યાવત્ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

તેનાથી ઉપરાંત માયાસહિત કે માયારહિત આલોચના કરતા તે જ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

૧૨. જે સાધુ માસિક યાવત્ પંચમાસિક આ પરિહાર સ્થાનમાંથી કોઈ એક પરિહાર સ્થાનની અનેકવાર પ્રતિ–સેવના કરીને આલોચના કરે તો તેને માયારહિત આલોચના કરે તો એ સેવિત પરિહાર સ્થાન મુજબ માસિક યાવત્ પંચમાસિક પ્રાયશ્ચિત્ત આવે અને માયાસહિત આલોચના કરવાથી આસેવિત પરિહાર સ્થાન અનુસાર બેમાસી યાવત્ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

તેનાથી ઉપરાંત માયાસહિત કે માયારહિત આલોચના કરતા તે જ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

૧૩. જે સાધુ એકવાર ચાતુર્માસિક કે સાધિક, ચાતુર્માસિક, પંચમાસિક કે સાધિક પંચમાસિક આ પરિહાર સ્થાનોમાંથી કોઈ એક પરિહાર સ્થાનની એક વખત પ્રતિસેવના કરીને આલોચના કરે તો, તેને માયારહિત આલોચના કરતા આરોપિત પરિહાર સ્થાન મુજબ ચાતુર્માસિક કે સાધિક ચાતુર્માસિક આદિ પ્રાયશ્ચિત્ત આવે અને માયાસહિત આલોચના કરતા આસેવિત પરિહાર સ્થાન મુજબ પંચમાસિક કે સાધિક પંચમાસિક અથવા છમાસી પ્રાયશ્ચિત્ત આવે.

તેનાથી આગળ માયાસહિત કે માયારહિત આલોચના કરે તો પણ તે જ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

૧૪. જે સાધુ અનેકવાર ચાતુર્માસિક કે સાધિક ચાતુર્માસિક કે સાધિક, ચાતુર્માસિક, પંચમાસિક કે સાધિક પંચમાસિક આ પરિહાર સ્થાનોમાંથી કોઈ એક પરિહાર સ્થાનની એક વખત પ્રતિસેવના કરીને આલોચના કરે તો, તેને માયારહિત આલોચના કરતા આરોપિત પરિહાર સ્થાન મુજબ ચાતુર્માસિક કે સાધિક ચાતુર્માસિક આદિ પ્રાયશ્ચિત્ત આવે અને માયાસહિત આલોચના કરતા આસેવિત પરિહાર સ્થાન મુજબ પંચમાસિક કે સાધિક પંચમાસિક અથવા છમાસી પ્રાયશ્ચિત્ત આવે.

તેનાથી આગળ માયાસહિત કે માયારહિત આલોચના કરે તો પણ તે જ છમાસી પ્રાયશ્ચિત્ત આવે છે.

૧૫. જે સાધુ **એકવાર** ચાતુર્માસિક કે સાધિક ચાતુર્માસિક, પંચમાસી કે સાધિક પંચમાસી આ પરિહાર સ્થાનોમાંથી કોઈ એક પરિહાર સ્થાનની **માયારહિત** આલોચના કરતા, આસેવિત પ્રતિસેવના અનુસાર પ્રાયશ્ચિત્ત રૂપ પરિહાર તપમાં સ્થાપિત કરીને તેની યોગ્ય વૈયાવચ્ચ કરવી જોઈએ.

આલોચના કરતા, આસેવિત પ્રતિસેવના અનુસાર પ્રાયશ્ચિત્ત રૂપ પરિહાર તપમાં સ્થાપિત કરીને તેની યોગ્ય વૈયાવચ્ચ કરવી જોઈએ. જો તે પરિહાર તપમાં સ્થાપિત હોવા છતાં પણ કોઈ પ્રકારે પ્રતિસેવના કરે તો તેનું સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત પણ પૂર્વ પ્રદત્ત પ્રાયશ્ચિત્તમાં ઉમેરી દેવું જોઈએ....

તેણે ૧. પૂર્વમાં પ્રતિસેવિત દોષની પહેલાં આલોચના કરી હોય. ૨. પૂર્વમાં પ્રતિસેવિત દોષની પછી આલોચના કરી હોય. ૩. પછી પ્રતિસેવિત દોષની પહેલાં આલોચના કરી હોય ૪. પછી પ્રતિસેવિત દોષની પછી આલોચના કરી હોય. **તેમજ** ૧. માયારહિત આલોચના સંકલ્પ કરીને માયારહિત આલોચના કરી હોય . ૨. માયારહિત આલોચના સંકલ્પ કરીને, માયાસહિત આલોચના કરી હોય. ૩. માયાસહિત આલોચના સંકલ્પ કરીને, માયારહિત આલોચના કરી હોય . ૪. માયાસહિત આલોચના સંકલ્પ કરીને, માયાસહિત આલોચના કરી હોય.

૧૬. જે સાધુ **એકવાર** ચાતુર્માસિક કે સાધિક ચાતુર્માસિક, પંચમાસી કે સાધિક પંચમાસી આ પરિહાર સ્થાનોમાંથી કોઈ એક પરિહાર સ્થાનની **માયાસહિત** આલોચના કરતા, આસેવિત પ્રતિસેવના અનુસાર પ્રાયશ્ચિત્ત રૂપ પરિહાર તપમાં સ્થાપિત કરીને તેની યોગ્ય વૈયાવચ્ચ કરવી જોઈએ.

આલોચના કરતા, આસેવિત પ્રતિસેવના અનુસાર પ્રાયશ્ચિત્ત રૂપ પરિહાર તપમાં સ્થાપિત કરીને તેની યોગ્ય વૈયાવચ્ચ કરવી જોઈએ. જો તે પરિહાર તપમાં સ્થાપિત હોવા છતાં પણ કોઈ પ્રકારે પ્રતિસેવના કરે તો તેનું સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત પણ પૂર્વ પ્રદત્ત પ્રાયશ્ચિત્તમાં ઉમેરી દેવું જોઈએ....

તેણે ૧. પૂર્વમાં પ્રતિસેવિત દોષની પહેલાં આલોચના કરી હોય. ૨. પૂર્વમાં પ્રતિસેવિત દોષની પછી આલોચના કરી હોય. ૩. પછી પ્રતિસેવિત દોષની પહેલાં આલોચના કરી હોય ૪. પછી પ્રતિસેવિત દોષની પછી

આલોચના કરી હોય. **તેમજ** ૧. માયારહિત આલોચના સંકલ્પ કરીને માયારહિત આલોચના કરી હોય . ૨. માયારહિત આલોચના સંકલ્પ કરીને, માયાસહિત આલોચના કરી હોય. ૩. માયાસહિત આલોચના સંકલ્પ કરીને, માયારહિત આલોચના કરી હોય . ૪. માયાસહિત આલોચના સંકલ્પ કરીને, માયાસહિત આલોચના કરી હોય.

૧૭. જે સાધુ **અનેકકવાર** ચાતુર્માસિક કે સાધિક ચાતુર્માસિક, પંચમાસી કે સાધિક પંચમાસી આ પરિહાર સ્થાનોમાંથી કોઈ એક પરિહાર સ્થાનની **માયારહિત** આલોચના કરતા, આસેવિત પ્રતિસેવના અનુસાર પ્રાયશ્ચિત્ત રૂપ પરિહાર તપમાં સ્થાપિત કરીને તેની યોગ્ય વૈયાવચ્ચ કરવી જોઈએ.

આલોચના કરતા, આસેવિત પ્રતિસેવના અનુસાર પ્રાયશ્ચિત્ત રૂપ પરિહાર તપમાં સ્થાપિત કરીને તેની યોગ્ય વૈયાવચ્ચ કરવી જોઈએ. જો તે પરિહાર તપમાં સ્થાપિત હોવા છતાં પણ કોઈ પ્રકારે પ્રતિસેવના કરે તો તેનું સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત પણ પૂર્વ પ્રદત્ત પ્રાયશ્ચિત્તમાં ઉમેરી દેવું જોઈએ....

તેણે ૧. પૂર્વમાં પ્રતિસેવિત દોષની પહેલાં આલોચના કરી હોય. ૨. પૂર્વમાં પ્રતિસેવિત દોષની પછી આલોચના કરી હોય. ૩. પછી પ્રતિસેવિત દોષની પહેલાં આલોચના કરી હોય ૪. પછી પ્રતિસેવિત દોષની પછી આલોચના કરી હોય. **તેમજ** ૧. માયારહિત આલોચના સંકલ્પ કરીને માયારહિત આલોચના કરી હોય . ૨. માયારહિત આલોચના સંકલ્પ કરીને, માયાસહિત આલોચના કરી હોય. ૩. માયાસહિત આલોચના સંકલ્પ કરીને, માયારહિત આલોચના કરી હોય . ૪. માયાસહિત આલોચના સંકલ્પ કરીને, માયાસહિત આલોચના કરી હોય.

૧૮. જે સાધુ **અનેકકવાર** ચાતુર્માસિક કે સાધિક ચાતુર્માસિક, પંચમાસી કે સાધિક પંચમાસી આ પરિહાર સ્થાનોમાંથી કોઈ એક પરિહાર સ્થાનની **માયાસહિત** આલોચના કરતા, આસેવિત પ્રતિસેવના અનુસાર પ્રાયશ્ચિત્ત રૂપ પરિહાર તપમાં સ્થાપિત કરીને તેની યોગ્ય વૈયાવચ્ચ કરવી જોઈએ.

આલોચના કરતા, આસેવિત પ્રતિસેવના અનુસાર પ્રાયશ્ચિત્ત રૂપ પરિહાર તપમાં સ્થાપિત કરીને તેની યોગ્ય વૈયાવચ્ચ કરવી જોઈએ. જો તે પરિહાર તપમાં સ્થાપિત હોવા છતાં પણ કોઈ પ્રકારે પ્રતિસેવના કરે તો તેનું સંપૂર્ણ પ્રાયશ્ચિત્ત પણ પૂર્વ પ્રદત્ત પ્રાયશ્ચિત્તમાં ઉમેરી દેવું જોઈએ....

તેણે ૧. પૂર્વમાં પ્રતિસેવિત દોષની પહેલાં આલોચના કરી હોય. ૨. પૂર્વમાં પ્રતિસેવિત દોષની પછી આલોચના કરી હોય. ૩. પછી પ્રતિસેવિત દોષની પહેલાં આલોચના કરી હોય ૪. પછી પ્રતિસેવિત દોષની પછી આલોચના કરી હોય. **તેમજ** ૧. માયારહિત આલોચના સંકલ્પ કરીને માયારહિત આલોચના કરી હોય . ૨. માયારહિત આલોચના સંકલ્પ કરીને, માયાસહિત આલોચના કરી હોય. ૩. માયાસહિત આલોચના સંકલ્પ કરીને, માયારહિત આલોચના કરી હોય . ૪. માયાસહિત આલોચના સંકલ્પ કરીને, માયાસહિત આલોચના કરી હોય.

૧૯. અનેક પારિહારિક સાધુ અને અનેક અપારિહારિક સાધુ જે એક સાથે રહેવા કે બેસવા ઈચ્છે તો તેમને સ્થવિરોને પૂછ્યા વિના એક સાથે રહેવું કે બેસવું ન કલ્પે. સ્થવિરને પૂછીને જ બેસી કે રહી શકે. જો સ્થવિર આજ્ઞા આપે તો એક સાથે રહી કે બેસી શકે, આજ્ઞા ન આપે તો નહીં. સ્થવિરની આજ્ઞા વિના જો સાથે રહે કે બેસે તો તેમને મર્યાદાના ઉલ્લંઘન માટે છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્ત આવે.

૨૦. પરિહાર કલ્પ સ્થિત સાધુ કોઈ બીમાર સ્થવિરની વૈયાવચ્ચ માટે જાય, તે સમયે સ્થવિર તેને પરિહાર તપ છોડવાની અનુમતિ આપે તો તેને માર્ગના ગ્રામાદિમાં એક–એક રાત્રિ વિશ્રામ કરતા જે દિશામાં સાધર્મિક બીમાર સાધુ હોય તે જ દિશામાં જવું કલ્પે છે.

માર્ગમાં વિચરણના લક્ષ્યથી રોકાવું ન કલ્પે. પણ રોગાદિના કારણે રહેવું કલ્પે. કારણ સમાપ્ત થતા જો કોઈ કહે કે – હે આર્ય ! તમે અહીં એક–બે રાત્રિ વધુ રોકાઓ તો તેને રહેવું કલ્પે, પણ એક–બે રાત્રિથી અધિક રહેવું તેને કલ્પતુ નથી. છતાં જો રહે તો તેને મર્યાદા ઉલ્લંઘનનું છેદ કે તપ પ્રાયશ્ચિત્ત આવે.

૨૧. પરિહાર કલ્પસ્થિત સાધુ કોઈ બીમાર સ્થવિરની વૈયાવચ્ચ માટે જાય. તે સમયે સ્થવિર પરિહારતપ છોડવાની અનુમતિ ન આપે તો પરિહારતપ વહન કરતા માર્ગમાં ગ્રામાદિમાં એક–એક રાત્રિ વિશ્રામ કરતા જે દિશામાં સાધર્મિક બીમાર સાધુ હોય તે જ દિશામાં જવું કલ્પે છે.

માર્ગમાં વિચરણના લક્ષ્યથી રોકાવું ન કલ્પે. પણ રોગાદિના કારણે રહેવું કલ્પે. કારણ સમાપ્ત થતા જો કોઈ કહે કે – હે આર્ય ! તમે અહીં એક–બે રાત્રિ વધુ રોકાઓ તો તેને રહેવું કલ્પે, પણ એક–બે રાત્રિથી અધિક રહેવું તેને કલ્પતુ નથી. છતાં જો રહે તો તેને મર્યાદા ઉલ્લંઘનનું છેદ કે તપ પ્રાયશ્ચિત્ત આવે.

૨૨. ઉપરોક્ત ભિક્ષુ કોઈ બીમાર સ્થવિરની વૈયાવચ્ચ માટે જાય, ત્યારે સ્થવિર તેને પરિહારતપ છોડવાની સ્વીકૃતિ આપે કે ન આપે ત્યારે૦ બાકી ઉપરોક્ત સૂત્ર મુજબ સમગ્ર આલાવો જાણવો.

૨૩. જો કોઈ સાધુ ગણથી નીકળી એકલવિહાર ચર્યા ધારણ કરીને વિચરણ કરે, ફરી તે એ જ ગણમાં સામેલ થઈ રહેવા ઇચ્છે તો પૂર્વાવસ્થાની પૂર્ણ આલોચના અને પ્રતિક્રમણ કરવું તથા આચાર્ય તેમની આલોચના સાંભળી, જે કંઈ છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્ત આપે તેનો સ્વીકાર કરે.

૨૪. જો કોઈ ગણાવચ્છેદક ગણથી નીકળી એકલવિહાર ચર્યા ધારણ કરવા ફરી તે એ જ ગણમાં સામેલ થઈ રહેવા ઇચ્છે તો પૂર્વાવસ્થાની પૂર્ણ આલોચના અને પ્રતિક્રમણ કરવું તથા આચાર્ય તેમની આલોચના સાંભળી, જે કંઈ છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્ત આપે તેનો સ્વીકાર કરે.

૨૫. જો કોઈ આચાર્ય કે ઉપાધ્યાય, ગણથી નીકળી એકલવિહાર ચર્યા ધારણ કરવા ઇચ્છે ફરી તે એ જ ગણમાં સામેલ થઈ રહેવા ઇચ્છે તો પૂર્વાવસ્થાની પૂર્ણ આલોચના અને પ્રતિક્રમણ કરવું તથા આચાર્ય તેમની આલોચના સાંભળી, જે કંઈ છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્ત આપે તેનો સ્વીકાર કરે.

૨૬ થી ૩૦. જો કોઈ સાધુ ગચ્છથી નીકળીને.....

૧. પાર્શ્વસ્થ વિહારચર્યા કે
૨. યથાચ્છંદ વિહારચર્યા કે
૩. કુશીલ વિહારચર્યા કે
૪. અવસન્ન વિહારચર્યા કે
૫. સંસક્ત વિહારચર્યા–

અંગીકાર કરીને વિચરે પછી તે આ પાર્શ્વસ્થ વિહાર કે યાવત્ સંસક્ત વિહારચર્યા છોડીને તે જ ગણમાં સામેલ થઈ રહેવા ઇચ્છે ત્યારે–

જો તેનું ચારિત્ર કંઈક શેષ હોય તો પૂર્વાવસ્થાની પૂર્ણ આલોચના અને પ્રતિક્રમણ કરે તથા આચાર્ય તેમની આલોચના સાંભળી, જે કંઈ છેદ કે તપ પ્રાયશ્ચિત્ત આપે, તેને સ્વીકારે.

૩૧. જો કોઈ સાધુ ગણથી નીકળીને કોઈ વિશેષ પરિસ્થિતિ થકી બીજા લિંગ–વેશને ધારણ કરીને વિહાર કરે અને કારણ સમાપ્ત થતા ફરી સ્વલિંગને ધારણ કરીને ગણમાં સામેલ થઈને રહેવા ઇચ્છે તો

તેને લિંગ–વેશ પરિવર્તનની આલોચના ઉપરાંત છેદ કે તપરૂપ કોઈ પ્રાયશ્ચિત્ત ન આવે.

૩૨. જો કોઈ સાધુ ગણથી નીકળી, સંયમનો ત્યાગ કરી દે પછી તે એ જ ગણનો સ્વીકાર કરી રહેવા ઇચ્છે તો તેના માટે કેવળ છેદોપસ્થાપના પ્રાયશ્ચિત્ત છે, તે સિવાય તેને કોઈ છેદ કે તપ પ્રાયશ્ચિત્ત અપાતું નથી.

૩૩. સાધુ કોઈ અકૃત્ય સ્થાનનું પ્રતિસેવન કરીને તેની આલોચના કરવા ઇચ્છે તો જ્યાં પોતાના આચાર્ય કે ઉપાધ્યાયને જુએ, ત્યાં તેમની પાસે આલોચના કરે યાવત્ યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત રૂપ તપકર્મનો સ્વીકાર કરે.

૩૪. જો તેમના આચાર્ય કે ઉપાધ્યાય ન મળે તો જ્યાં કોઈ સાંભોગિક એક માંડલીવાળા. સાધર્મિક સાધુ મળે કે જે બહુશ્રુત અને બહુ આગમજ્ઞ હોય, તેની પાસે આલોચના કરે યાવત્ તપ સ્વીકારે.

જો સાંભોગિક સાધર્મિક બહુશ્રુત – બહુઆગમજ્ઞ હોય તેની પાસે જઈને આલોચના કરે યાવત્ પ્રાયશ્ચિત્ત તપ

સ્વીકારે.

જો અન્ય સાંભોગિક સાધર્મિક બહુશ્રુત બહુઆગમજ્ઞ સાધુ ન મળે તો જ્યાં સારૂપ્ય સાધુ મળે, જે બહુશ્રુત અને બહુઆગમજ્ઞ હોય તો તેની સમીપે આલોચના કરે યાવત્ યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત રૂપ તપકર્મ સ્વીકાર કરે.

જો સારૂપ્ય બહુશ્રુત, બહુઆગમજ્ઞ સાધુ ન મળે તો જ્યાં પશ્ચાત્કૃત સંયમત્યાગી. શ્રમણોપાસક મળે, જે બહુશ્રુત અને બહુઆગમજ્ઞ હોય ત્યાં તેની સમીપે આલોચના કરે યાવત્ યથાયોગ્ય પ્રાયશ્ચિત્તરૂપ તપકર્મ સ્વીકારે.

જો પશ્ચાત્કૃત સંયમત્યાગી. બહુશ્રુત અને બહુઆગમજ્ઞ શ્રાવક ન મળે તો જ્યાં સમ્યક્ ભાવિત જ્ઞાની પુરુષ મળે તો ત્યાં તેની સમીપે આલોચના કરે યાવત્ પ્રાયશ્ચિત્ત તપ સ્વીકારે.

૩૫. જો સમ્યક્ ભાવિત જ્ઞાનીપુરુષ ન મળે તો ગામ યાવત્ રાજધાનીની બહાર પૂર્વ કે ઉત્તર દિશા તરફ અભિમુખ થઈ બે હાથ જોડી, મસ્તકે આવર્તન કરી, મસ્તકે અંજલી કરી આમ બોલે–

આટલા મારા દોષ છે અને આટલીવાર મેં આ દોષોનું સેવન કરેલ છે. એમ બોલી અરિહંત અને સિદ્ધો સમક્ષ આલોચના કરે યાવત્ યથાયોગ્ય પ્રાયશ્ચિત્તરૂપ તપ સ્વીકારે.

## વ્યવહારસૂત્રના ઉદ્દેશા-૧ નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

## ઉદ્દેશો-૨

**વ્યવહારસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર–૩૬થી ૬૫ એટલે કે કુલ–૩૦ સૂત્રો છે. આ ૩૦ સૂત્રોનો અનુવાદ ક્રમશઃ આ પ્રમાણે–**

૩૬. બે સાધર્મિક સાધુ એક સાથે વિચરતા હોય, તેમાંથી જો એક સાધુ કોઈ અકૃત્ય સ્થાનનું સેવન કરીને આલોચના કરે તો તેને પ્રાયશ્ચિત્ત તપમાં સ્થાપિત કરીને સાધર્મિક ભિક્ષુએ તેની વૈયાવચ્ચ કરવી જોઈએ.

૩૭. બે સાધર્મિક સાધુ સાથે વિચરતા હોય, બંને કોઈ અકૃત્યસ્થાન સેવીને આલોચના કરે તો તેમાં એકને કલ્પાક – અગ્રણીરૂપે સ્થાપે અને બીજા પરિહાર તપમાં સ્થાપવો. તેનું પ્રાયશ્ચિત્ત પૂર્ણ થાય ત્યારે અગ્રણી પણ પ્રાયશ્ચિત્ત વહન કરે.

૩૮. ઘણા સાધર્મિક સાધુ સાથે વિચરતા હોય. તેમાં કોઈ અકૃત્યસ્થાન સેવી આલોચના કરે તો પ્રમુખ સ્થવિર, પ્રાયશ્ચિત્ત વહન કરાવે, બીજા સાધુ વૈયાવચ્ચ કરે.

૩૯. ઘણા સાધર્મિક સાધુ સાથે વિચરતા હોય, બધા જ કોઈ અકૃત્યસ્થાન સેવી આલોચના કરે, કોઈ એકને અગ્રણી સ્થાપી, બાકી બધા પ્રાયશ્ચિત્ત વહન કરે, પછી અગ્રણી પણ પ્રાયશ્ચિત્ત વહે.

૪૦. પરિહારતપ સેવી સાધુ જો બીમાર થઈ કોઈ અકૃત્યસ્થાન સેવીને આલોચના કરે તો

૧. જો તે સમર્થ હોય તો આચાર્યાદિ તેને પરિહાર તપરૂપ પ્રાયશ્ચિત્ત આપી તેની સેવા કરાવે.

૨. જો તે સમર્થ ન હોય તો તેને માટે અનુ–પારિહારિક સાધુ નિયુક્ત કરે.

જો તે પારિહારિક સાધુ સબલ થયા પછી પણ અનુપારિહારિક સાધુ પાસે વૈયાવચ્ચ કરાવે તો તેના પ્રાયશ્ચિત્તને પણ પૂર્વ પ્રાયશ્ચિત્તની સાથે આરોપિત કરે.

૪૧. પારિહારિક પ્રાયશ્ચિત્ત સેવી સાધુ જો રોગાદિ વડે પીડિત થઈ જાય તો ગણાવચ્છેદકને તેને ગણથી બહાર કરવા કલ્પતા નથી, પરંતુ જ્યાં સુધી તે રોગાંતકથી મુક્ત ન થઈ જાય ત્યાં સુધી તેની અગ્લાનભાવથી વૈયાવચ્ચ કરવી જોઈએ.પછી ગણાવચ્છેદક તે પારિહારિક સાધુને અતિ અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

૪૨. અનવસ્થાપ્ય સાધુ જો રોગાદિ વડે પીડિત થઈ જાય તો ગણાવચ્છેદકને તેને ગણથી બહાર કરવા કલ્પતા નથી, પરંતુ જ્યાં સુધી તે રોગાંતકથી મુક્ત ન થઈ જાય ત્યાં સુધી તેની અગ્લાનભાવથી વૈયાવચ્ચ કરવી જોઈએ.પછી ગણાવચ્છેદક તે અનવસ્થાપ્ય સાધુને અતિ અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

૪૩. પારંચિત સાધુ જો રોગાદિ વડે પીડિત થઈ જાય તો ગણાવચ્છેદકને તેને ગણથી બહાર કરવા કલ્પતા નથી, પરંતુ જ્યાં સુધી તે રોગાંતકથી મુક્ત ન થઈ જાય ત્યાં સુધી તેની અગ્લાનભાવથી વૈયાવચ્ચ કરવી જોઈએ.પછી ગણાવચ્છેદક તે . પારંચિત સાધુને અતિ અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

૪૪. વિક્ષિપ્ત ચિત્ત સાધુ જો રોગાદિ વડે પીડિત થઈ જાય તો ગણાવચ્છેદકને તેને ગણથી બહાર કરવા કલ્પતા નથી, પરંતુ જ્યાં સુધી તે રોગાંતકથી મુક્ત ન થઈ જાય ત્યાં સુધી તેની અગ્લાનભાવથી વૈયાવચ્ચ કરવી જોઈએ.પછી ગણાવચ્છેદક તે . વિક્ષિપ્ત ચિત્ત સાધુને અતિ અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

૪૫. દિપ્તચિત્ત સાધુ જો રોગાદિ વડે પીડિત થઈ જાય તો ગણાવચ્છેદકને તેને ગણથી બહાર કરવા કલ્પતા નથી, પરંતુ જ્યાં સુધી તે રોગાંતકથી મુક્ત ન થઈ જાય ત્યાં સુધી તેની અગ્લાનભાવથી વૈયાવચ્ચ કરવી જોઈએ.પછી ગણાવચ્છેદક તે . દિપ્તચિત્ત સાધુ ને અતિ અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

૪૬. યક્ષાવિષ્ટ સાધુ જો રોગાદિ વડે પીડિત થઈ જાય તો ગણાવચ્છેદકને તેને ગણથી બહાર કરવા કલ્પતા નથી, પરંતુ જ્યાં સુધી તે રોગાંતકથી મુક્ત ન થઈ જાય ત્યાં સુધી તેની અગ્લાનભાવથી વૈયાવચ્ચ કરવી

જોઈએ.પછી ગણાવચ્છેદક તે . યક્ષાવિષ્ટ સાધુ ને અતિ અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

૪૭. ઉન્માદપ્રાપ્ત સાધુ જો રોગાદિ વડે પીડિત થઈ જાય તો ગણાવચ્છેદકને તેને ગણથી બહાર કરવા કલ્પતા નથી, પરંતુ જ્યાં સુધી તે રોગાંતકથી મુક્ત ન થઈ જાય ત્યાં સુધી તેની અગ્લાનભાવથી વૈયાવચ્ચ કરવી જોઈએ.પછી ગણાવચ્છેદક તે . ઉન્માદપ્રાપ્ત સાધુ ને અતિ અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

૪૮. ઉપસર્ગપ્રાપ્ત સાધુ જો રોગાદિ વડે પીડિત થઈ જાય તો ગણાવચ્છેદકને તેને ગણથી બહાર કરવા કલ્પતા નથી, પરંતુ જ્યાં સુધી તે રોગાંતકથી મુક્ત ન થઈ જાય ત્યાં સુધી તેની અગ્લાનભાવથી વૈયાવચ્ચ કરવી જોઈએ.પછી ગણાવચ્છેદક તે . ઉપસર્ગપ્રાપ્ત સાધુ ને અતિ અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

૪૯. કલહયુક્ત સાધુ જો રોગાદિ વડે પીડિત થઈ જાય તો ગણાવચ્છેદકને તેને ગણથી બહાર કરવા કલ્પતા નથી, પરંતુ જ્યાં સુધી તે રોગાંતકથી મુક્ત ન થઈ જાય ત્યાં સુધી તેની અગ્લાનભાવથી વૈયાવચ્ચ કરવી જોઈએ.પછી ગણાવચ્છેદક તે . કલહયુક્ત સાધુ ને અતિ અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

૫૦. પ્રાયશ્ચિત્તપ્રાપ્ત સાધુ જો રોગાદિ વડે પીડિત થઈ જાય તો ગણાવચ્છેદકને તેને ગણથી બહાર કરવા કલ્પતા નથી, પરંતુ જ્યાં સુધી તે રોગાંતકથી મુક્ત ન થઈ જાય ત્યાં સુધી તેની અગ્લાનભાવથી વૈયાવચ્ચ કરવી જોઈએ.પછી ગણાવચ્છેદક તે . પ્રાયશ્ચિત્તપ્રાપ્ત સાધુ ને અતિ અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

૫૧. ભક્ત પ્રત્યાખ્યાની સાધુ જો રોગાદિ વડે પીડિત થઈ જાય તો ગણાવચ્છેદકને તેને ગણથી બહાર કરવા કલ્પતા નથી, પરંતુ જ્યાં સુધી તે રોગાંતકથી મુક્ત ન થઈ જાય ત્યાં સુધી તેની અગ્લાનભાવથી વૈયાવચ્ચ કરવી જોઈએ.પછી ગણાવચ્છેદક તે . ભક્ત પ્રત્યાખ્યાની સાધુ ને અતિ અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

૫૨. પ્રયોજનાવિષ્ટ સાધુ જો રોગાદિ વડે પીડિત થઈ જાય તો ગણાવચ્છેદકને તેને ગણથી બહાર કરવા કલ્પતા નથી, પરંતુ જ્યાં સુધી તે રોગાંતકથી મુક્ત ન થઈ જાય ત્યાં સુધી તેની અગ્લાનભાવથી વૈયાવચ્ચ કરવી જોઈએ.પછી ગણાવચ્છેદક તે . પ્રયોજનાવિષ્ટ સાધુ ને અતિ અલ્પ પ્રાયશ્ચિત્તમાં પ્રસ્થાપિત કરે.

૫૩. અનવસ્થાપ્ય સાધુને ગૃહસ્થરૂપ કર્યા વિના ફરી સંયમમાં સ્થાપવો ગણાવચ્છેદકને ન કલ્પે.

૫૪. અનવસ્થાપ્ય સાધુને ગૃહસ્થરૂપ કરાવીને ફરી સંયમમાં સ્થાપવો ગણાવચ્છેદકને કલ્પે.

૫૫. પારાંચિતપાત્ર સાધુને ગૃહસ્થરૂપ કર્યા વિના ફરી સંયમમાં સ્થાપવો ન કલ્પે,

૫૬. પારાંચિતપાત્ર સાધુને ગૃહસ્થરૂપ કરીને ફરી સંયમમાં સ્થાપવો કલ્પે.

૫૭, ૫૮. અનવસ્થાપ્ય તથા પારાંચિત પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત સાધુને કારણે ગૃહસ્થ વેશ ધારણ કરાવીને કે કરાવ્યા વિના પણ ગણાવચ્છેદક તેને ફરી સંયમમાં સ્થાપે. જો ગણનું હીત થયું હોય તો.

૫૯. બે સાધર્મિક સાથે વિચરતા હોય, તેમાં કોઈ એક સાધુ કોઈ અકૃત્ય સ્થાનને સેવીને આલોચના કરે – ''ભગવાન! મેં અમુક સાધુ સાથે અમુક કારણે દોષનું સેવન કરેલ છે.'' ત્યારે બીજા સાધુને પૂછ્યું કે – ''શું તમે પ્રતિસેવી છો કે અપ્રતિસેવી?'' જો તે કહે કે, ''હું પ્રતિસેવી છું'' તો તે પ્રાયશ્ચિત્ત પાત્ર થાય છે. જો એમ કહે કે, ''હું પ્રતિસેવી નથી.'' તો પ્રાયશ્ચિત્ત પાત્ર ન થાય. તે જે પ્રમાણ આપે, તેનાથી નિર્ણય કરવો જોઈએ.

ભગવાન ! એમ કેમ કહો છો? સત્યપ્રતિજ્ઞ સાધુઓના સત્યકથન ઉપર વ્યવહાર નિર્ભય હોય છે.

૬૦. સંયમ છોડવાની ઈચ્છાથી કોઈ સાધુ ગણથી નીકળી જાય, અને પછી અસંયમ સેવ્યા વિના જ તે આવી, ફરી પોતાના ગણમાં સામેલ થવા ઈચ્છે ત્યારે સ્થવિરોમાં જો વિવાદ થાય અને તેઓ પરસ્પર કહેવા લાગે કે–

શું તમે જાણો છો – આ પ્રતિસેવી છે કે અપ્રતિસેવી? ત્યારે સાધુને જ પૂછવું જોઈએ – તું પ્રતિસેવી છો કે અપ્રતિસેવી ? જો તે કહે કે –હું પ્રતિસેવી છું, તો તે પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે. જો તે કહે– હું પ્રતિસેવી નથી. તો તે પ્રાયશ્ચિત્તને પાત્ર થતા નથી. અને તે જે પ્રમાણ ઉત્તર આપે, તેનાથી નિર્ણય કરવો જોઈએ. કેમ કે– સત્યપ્રતિજ્ઞ

સાધુના સત્યકથન પર વ્યવહાર ચાલે છે.

૬૧. એકપક્ષીય – એક જ આચાર્ય પાસે દીક્ષા અને શ્રુત ગ્રહણ કરનારા સાધુને અલ્પકાળ કે યાવજ્જીવનને માટે આચાર્ય કે ઉપાધ્યાય પદ ઉપર સ્થાપિત કરવા કે તેને ધારણ કરવા કલ્પે છે. અથવા પરિસ્થિતિ વશ ક્યારેક જેમાં ગણનું હિત હોય તેમ પણ કરી શકાય છે.

૬૨. અનેક પારિહારિક અને અનેક અપારિહારિક સાધુ જો એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ માસ સુધી એક સાથે રહેવા ઇચ્છે તો પારિહારિક સાધુ પારિહારિક સાધુની સાથે અને અપારિહારિક સાધુ અપારિહારિક સાધુની સાથે બેસીને આહાર કરી શકે છે. પરંતુ પારિહારિક સાધુ અપારિહારિકની સાથે બેસીને આહાર ન કરી શકે. તે બધા સાધુ છ માસના તપના અને એક માસ પારણાનો વીત્યા પછી એકસાથે બેસીને આહાર કરી શકે.

૬૩. પારિહારિક સાધુને માટે અશન યાવત્ સ્વાદિમ આહાર આપવો કે નિમંત્રણા કરીને દેવું ન કલ્પે.

જો સ્થવિર કહે – હે આર્ય ! તમે આ પારિહારિક સાધુઓને આ આહાર આપો કે નિમંત્રણા કરો. એમ કહ્યા પછી તેમને આહાર આપવો કે નિમંત્રણા કરવી કલ્પે છે.

પરિહારકલ્પસ્થિત જો ઘી આદિ વિગઈ લેવા ઇચ્છે તો સ્થવિરની આજ્ઞાથી લેવી કલ્પે. મને ઘી આદિ વિગઈ લેવાની આજ્ઞા પ્રદાન કરો. એ રીતે સ્થવિર પાસેથી આજ્ઞા લઈ વિગઈ વાપરે.

૬૪. પરિહારકલ્પમાં સ્થિત સાધુ પોતાના પાત્રાને ગ્રહણ કરી, પોતાના માટે આહાર લેવા જાય, તેને જોતા જોઈને જો સ્થવિર કહે કે– હે આર્ય ! માટે યોગ્ય આહાર–પાણી લઈ આવજો, હું પણ ખાઇશ–પીશ. એવું કહે ત્યારે તે સ્થવિર ને માટે આહાર લેવો કલ્પે છે. ત્યાં અપારિહારિક સ્થવિરને પારિહારિક સાધુના પાત્રમાં અશન યાવત્ સ્વાદિમ ખાવા–પીવા ન કલ્પે. પરંતુ તેને પોતાના જ પાત્રમાં, પલાસકમાં, જળપાત્રમાં, બંને હાથમાં કે એક હાથમાં લઈ–લઈને ખાવું–પીવું કલ્પે છે. આ અપારિહારિક સાધુનો, પારિહારિક સાધુની અપેક્ષાએ આચાર કહેલો છે.

૬૫. પરિહાર કલ્પસ્થિત સાધુ સ્થવિરના પાત્રો લઈને તેમના માટે આહાર–પાણી લેવા જાય, ત્યારે સ્થવિર તેમને કહે– હે આર્ય ! તમે તમારા માટે પણ સાથે લઈ આવોજો, પછી ખાઈ–પી લેજો. એમ કહ્યા પછી, તે સ્થવિરના પાત્રોમાં પોતાના માટે પણ આહાર–પાણી લાવવા કલ્પે છે.

ત્યાં અપારિહારિક સ્થવિરના પાત્રમાં સાધુને અશન યાવત્ સ્વાદિમ ખાવા–પીવા કલ્પતા નથી. પરંતુ તેને પોતાના જ પાત્રમાં, પલાશકમાં, કમંડલુમાં બંને હાથમાં કે એક હાથમાં લઈને ખાવું–પીવું કલ્પે છે.

આ પારિહારિક સાધુનો અપારિહારિક સાધુની અપેક્ષાથી આચાર કહેવાયેલો છે.

## વ્યવહારસૂત્રના ઉદ્દેશા-૨ નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૩

**વ્યવહારસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર–૬૬થી ૯૪ એટલે કે કુલ–૩૦ સૂત્રો છે. તેનો અનુવાદ ક્રમશઃ આ પ્રમાણે–**

૬૬. જો કોઈ સાધુ ગણને ધારણ કરવા ઇચ્છે અને તે સૂત્રજ્ઞાન આદિ યોગ્યતા રહિત હોય તો તેને ગણ ધારણ કરવો કલ્પતો નથી. જો તે સાધુ સૂત્રજ્ઞાનાદિ યોગ્યતા યુક્ત હોય તો તેને ગણ ધારણ કરવો કલ્પે છે.

૬૭. જો કોઈ સાધુ ગણ ધારણ કરવા ઇચ્છે તો તેમને સ્થવિરોને પૂછ્યા વિના ગણ ધારણ કરવો ન કલ્પે. જો સ્થવિર અનુજ્ઞા પ્રદાન કરે તો ગણ ધારણ કરવો ન કલ્પે. જો સ્થવિર આજ્ઞા ન આપે તો ગણ ધારણ કરવો કલ્પતો નથી.

જો કોઈ સ્થવિરોની અનુજ્ઞા પ્રાપ્ત કર્યા વિના જ ગણ ધારણ કરે છે, તો તે સાધુ તે મર્યાદાના ઉલ્લંઘનને કારણે છેદ કે તપ પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે. પણ જે સાધર્મિક સાધુ તેમની મુખ્યતામાં વિચરે છે, તે છેદ–તપ પ્રાયશ્ચિત્તને પાત્ર ન થાય.

૬૮. ત્રણ વર્ષના દીક્ષાપર્યાય વાળા સાધુ જો આચાર, સંયમ, પ્રવચન, પ્રજ્ઞપ્તિ, સંગ્રહ અને ઉપગ્રહ કરવામાં કુશળ હોય તથા અક્ષત, અભિન્ન, અશબલ અને અસંક્લિષ્ટ આચારવાળા હોય, બહુશ્રુત અને બહુઆગમજ્ઞ હોય, ઓછામાં ઓછું આચારપ્રકલ્પધર હોય તો તેને ઉપાધ્યાય પદ દેવું કલ્પે.

૬૯. જો ત્રણ વર્ષના દીક્ષાપર્યાય વાળા સાધુ ઉક્ત આચારાદિમાં કુશળ ન હોય, ક્ષત–ભિન્નાદિ આચારવાળા હોય, અલ્પશ્રુત અને અલ્પાગમજ્ઞ હોય તો ઉપાધ્યાય પદ દેવું ન કલ્પે.

૭૦. પાંચ વર્ષના દીક્ષાપર્યાયવાળા શ્રમણ જો ઉક્ત આચાર–સંયમાદિમાં કુશળ હોય, અક્ષતાદિ આચાર–વાળા હોય, બહુશ્રુત અને બહુઆગમજ્ઞ હોય તથા ઓછામાં ઓછા દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ અને વ્યવહારસૂત્રના ધારક હોય તો તેને આચાર્ય કે ઉપાધ્યાય પદ દેવું કલ્પે છે.

૭૧. પરંતુ પાંચ વર્ષના દીક્ષાપર્યાય વાળા સાધુ જો આચાર, સંયમાદિમાં કુશળ ન હોય, ક્ષત–ભિન્ન–શબલ અને સંક્લિષ્ટ આચારવાળા હોય. અલ્પશ્રુત અને અલ્પાગમજ્ઞ હોય તો તેને આચાર્ય કે ઉપાધ્યાય પદ દેવું ન કલ્પે.

૭૨. આઠ વર્ષના દીક્ષાપર્યાય વાળા સાધુ જો આચાર, સંયમ, પ્રવચન, પ્રજ્ઞપ્તિ, સંગ્રહ, ઉપગ્રહમાં કુશળ હોય તથા અક્ષત, અભિન્ન, અશબલ અને અસંક્લિષ્ટ આચારી હોય, બહુશ્રુત અને બહુઆગમજ્ઞ હોય અને ઓછામાં ઓછું સ્થાનાંગ–સમવાયાંગ સૂત્રના ધારક હોય તો તેને આચાર્ય, ઉપાધ્યાય, ગણાવચ્છેદક પદ દેવું કલ્પે છે.

૭૩. તે જ આઠ વર્ષના દીક્ષાપર્યાય વાળા સાધુ જો આચાર, સંયમ, પ્રવચન, પ્રજ્ઞપ્તિ, સંગ્રહ, ઉપગ્રહમાં કુશળ ન હોય, ક્ષત–ભિન્નાદિ આચારવાળા હોય, અલ્પશ્રુત અને અલ્પ આગમજ્ઞ હોય તો તેને આચાર્ય, ઉપાધ્યાય કે ગણાવચ્છેદક પદ દેવું ન કલ્પે.

૭૪. નિરુદ્ધ–અલ્પ પર્યાયવાળા સાધુ જે દિવસે દીક્ષા લે, તે જ દિવસે આચાર્ય કે ઉપાધ્યાય પદ આપવું કલ્પે. ...ભગવન્! એમ કેમ કહો છો ?

સ્થવિરો દ્વારા તથારૂપથી ભાવિત પ્રીતિયુક્ત, વિશ્વસ્ત, સ્થિર, સંમત, પ્રમુદિત, અનુમત અને બહુમત અનેક કુલ હોય છે. તે ભાવિત પ્રીતિયુક્તાદિ કુળથી દીક્ષિત જો નિરુદ્ધ પર્યાયવાળા સાધુ હોય તો તેને તે જ દિવસે આચાર્ય કે ઉપાધ્યાય પદ આપવું કલ્પે.

૭૫. આચાર્ય કે ઉપાધ્યાય કાળધર્મ પામે, ત્યાર પછી નિરુદ્ધ – અલ્પવર્ષના પર્યાયવાળા સાધુને આચાર્ય અથવા ઉપાધ્યાય પદ દેવાનું કલ્પે છે.

તેમને આચારપ્રકલ્પનો કંઈક અંશ અધ્યયન કરવાનું બાકી હોય અને તે અધ્યયન પૂર્ણ કરવાનો સંકલ્પ કરીને પૂર્ણ કરી લે તો તેમને આચાર્ય કે ઉપાધ્યાય પદ દેવાનું કલ્પે છે.

પરંતુ જો તે શેષ અધ્યયન પૂર્ણ કરવાનો સંકલ્પ કરીને પણ તેને પૂર્ણ ન કરે તો તેને આચાર્ય કે ઉપાધ્યાય પદ દેવું ન કલ્પે.

૭૬. નવદીક્ષિત બાળક કે તરુણ સાધુને આચાર્ય કે ઉપાધ્યાય જો કાળધર્મ–મરણ પામે તો તેમને આચાર્ય કે ઉપાધ્યાય વિના રહેવું કલ્પતુ નથી.

તેને પહેલાં આચાર્યની અને પછી ઉપાધ્યાયની નિશ્રાનો સ્વીકાર કરીને જ રહેવું જોઈએ.

ભગવન્ ! એમ શા માટે કહ્યું ? સાધુ બેની નિશ્રામાં જ રહે છે. જેમ કે – ૧. આચાર્ય, ૨. ઉપાધ્યાય.

૭૭. નવદીક્ષિતા, બાલિકા કે તરુણી સાધ્વીએ આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તિની જે કાળધર્મ પામે તો તેણીએ આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તિની વિના રહેવું કલ્પતુ નથી.

તેણીએ પહેલા આચાર્યની, પછી ઉપાધ્યાયની અને પછી પ્રવર્તિનીની નિશ્રા સ્વીકારીને રહેવું જોઈએ.

ભગવન્ ! એમ કેમ કહો છો ? શ્રમણીઓ ત્રણના નેતૃત્વમાં રહે છે – આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તિની.

૭૮. જો કોઈ સાધુ ગણને છોડીને મૈથુનનું સેવન કરે તો તેને તે કારણથી ત્રણ વર્ષ સુધી આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું ન કલ્પે.

૭૯. જો કોઈ ગણાવચ્છેદક પોતાનું પદ છોડ્યા વિના મૈથુનનું સેવન કરે તો ઉક્ત કારણોથી યાવજ્જીવન, આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

૮૦. જો કોઈ ગણાવચ્છેદક પોતાનું પદ છોડીને મૈથુનનું સેવન કરે તો તેને ઉક્ત કારણથી ત્રણ વર્ષ સુધી આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

ત્રણ વર્ષ વીત્યા પછી ચોથા વર્ષમાં પ્રવેશ કરે ત્યારે જો તે ઉપશાંત, ઉપરત, પ્રતિવિરત અને નિર્વિકાર થઈ જાય તો તેને આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું કલ્પે છે.

૮૧. જો કોઈ આચાર્ય કે ઉપાધ્યાય પોતાનું પદ છોડ્યા વિના મૈથુનનું સેવન કરે તો તેને ઉક્ત કારણથી યાવજ્જીવન આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

૮૨. જો કોઈ આચાર્ય કે ઉપાધ્યાય પોતાનું પદ છોડીને મૈથુન સેવન કરે તો તેને ઉક્ત કારણે ત્રણ વર્ષ આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું કલ્પે છે.

ત્રણ વર્ષ વીત્યા પછી ચોથા વર્ષમાં પ્રવેશ કરે ત્યારે જો તે ઉપશાંત, ઉપરત, પ્રતિવિરત અને નિર્વિકાર થઈ જાય તો તેને આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું કલ્પે છે.

૮૩. જો કોઈ સાધુ ગણ અને સંયમનો પરિત્યાગ કરીને અને વંશ છોડીને ચાલ્યા જાય અને પછી ફરી દીક્ષિત થઈ જાય, તો તેને ઉક્ત કારણે ત્રણ વર્ષ પર્યની આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું ન કલ્પે.

ત્રણ વર્ષ વીત્યા પછી ચોથા વર્ષમાં પ્રવેશ કરે ત્યારે જો તે ઉપશાંત, ઉપરત, પ્રતિવિરત અને નિર્વિકાર થઈ જાય તો તેને આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું કલ્પે છે.

૮૪. જો કોઈ ગણાવચ્છેદક પોતાનું પદ છોડ્યા વિના સંયમનો પરિત્યાગ કરીને અને વેશ છોડીને ચાલ્યો જાય. પછી તે ફરી દીક્ષિત થઈ જાય તો તેને ઉક્ત કારણે યાવજ્જીવન આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

૮૫. જો કોઈ ગણાવચ્છેદક પોતાનું પદ છોડીને સંયમ પરિત્યાગ કરીને અને વેશ છોડીને ચાલ્યો જાય. અને પછી પુનઃ દીક્ષિત થઈ જાય તો તેને ઉક્ત કારણથી ત્રણ વર્ષ સુધી આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ

કરવું ન કલ્પે.

ત્રણ વર્ષ વીત્યા પછી ચોથા વર્ષમાં પ્રવેશ કરે ત્યારે જો તે ઉપશાંત, ઉપરત, પ્રતિવિરત અને નિર્વિકાર થઈ જાય તો તેને આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું કલ્પે છે.

૮૬. જો કોઈ આચાર્ય કે ઉપાધ્યાય પોતાનું પદ છોડ્યા વિના સંયમનો ત્યાગ કરીને અને વેશ છોડીને ચાલ્યો જાય, પછી તે ફરી દીક્ષિત થાય, તો તેને ઉક્ત કારણે યાવજ્જીવન આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

૮૭. જો કોઈ આચાર્ય કે ઉપાધ્યાય પદ છોડીને સંયમ અને વેશનો ત્યાગ કરીને જાય, પછી ફરી દીક્ષિત થઈ જાય, તો તેને ઉક્ત કારણે ત્રણ વર્ષ સુધી આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

ત્રણ વર્ષ વીત્યા પછી ચોથા વર્ષમાં પ્રવેશ કરે ત્યારે જો તે ઉપશાંત, ઉપરત, પ્રતિવિરત અને નિર્વિકાર થઈ જાય તો તેને આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું કલ્પે છે.

૮૮. બહુશ્રુત, બહુ આગમજ્ઞ એક સાધુ અનેક પ્રગાઢ કારણોથી જો અનેક વાર માયાપૂર્વક મૃષા બોલે કે અપવિત્ર પાપાચરણોથી જીવન વીતાવે તો તેને ઉક્ત કારણોથી યાવજ્જીવન આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

૮૯. બહુશ્રુત, બહુ આગમજ્ઞ એક ગણાવચ્છેદક અનેક પ્રગાઢ કારણે અનેકવાર માયાપૂર્વક મૃષા બોલે કે અપવિત્ર પાપ આચરણથી જીવન વીતાવે તો તેને ઉક્ત કારણોથી યાવજ્જીવન આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

૯૦. બહુશ્રુત, બહુ આગમજ્ઞ એક આચાર્ય કે ઉપાધ્યાય અનેક પ્રગાઢ કારણે અનેકવાર માયાપૂર્વક મૃષા બોલે કે અપવિત્ર પાપ આચરણથી જીવન વીતાવે તો તેને ઉક્ત કારણોથી યાવજ્જીવન આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે

૯૧. બહુશ્રુત, બહુ આગમજ્ઞ અનેક સાધુ અનેક પ્રગાઢ કારણોથી જો અનેક વાર માયાપૂર્વક મૃષા બોલે કે અપવિત્ર પાપાચરણોથી જીવન વીતાવે તો તેને ઉક્ત કારણોથી યાવજ્જીવન આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

૯૨. બહુશ્રુત, બહુ આગમજ્ઞ અનેક ગણાવચ્છેદક અનેક પ્રગાઢ કારણે અનેકવાર માયાપૂર્વક મૃષા બોલે કે અપવિત્ર પાપ આચરણથી જીવન વીતાવે તો તેને ઉક્ત કારણોથી યાવજ્જીવન આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

૯૩. બહુશ્રુત, બહુ આગમજ્ઞ અનેક આચાર્ય કે ઉપાધ્યાય અનેક પ્રગાઢ કારણે અનેકવાર માયાપૂર્વક મૃષા બોલે કે અપવિત્ર પાપ આચરણથી જીવન વીતાવે તો તેને ઉક્ત કારણોથી યાવજ્જીવન આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

૯૪. બહુશ્રુત, બહુ આગમજ્ઞ અનેક સાધુ અને ગણાવચ્છેદક અનેક આચાર્ય કે ઉપાધ્યાય અનેક પ્રગાઢ કારણો હોવાથી જો અનેકવાર માયાપૂર્વક મૃષા બોલે કે અપવિત્ર પાપાચરણોથી જીવન વીતાવે તો તેઓને ઉક્ત કારણોથી યાવજ્જીવન આચાર્ય–ઉપાધ્યાય–ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું નહીં કલ્પે.

## વ્યવહારસૂત્રના ઉદ્દેશા-૩ નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

## ઉદ્દેશો-૪

**વ્યવહારસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર–૯૫ થી ૧૨૬ એટલે કે કુલ–૩૨ સૂત્રો છે. તેનો અનુવાદ ક્રમશઃ આ પ્રમાણે–**

૯૫. આચાર્ય અને ઉપાધ્યાયને શિયાળામાં અને ઉનાળામાં એકલા વિહાર કરવો–વિચરવું ન કલ્પે.

૯૬. આચાર્ય અને ઉપાધ્યાયને શિયાળામાં અને ઉનાળામાં એક સાધુને સાથે લઈને વિહાર કરવો કલ્પે છે.

૯૭. શિયાળા અને ઉનાળામાં ગણાવચ્છેદકને એક સાધુ સાથે વિચરવું ન કલ્પે.

૯૮. શિયાળા અને ઉનાળામાં ગણાવચ્છેદકને બે સાધુ સાથે વિચરવું કલ્પે.

૯૯. વર્ષાકાળમાં આચાર્ય કે ઉપાધ્યાયને એક સાધુ સાથે રહેવાનું ન કલ્પે.

૧૦૦. વર્ષાકાળમાં આચાર્ય કે ઉપાધ્યાયને બીજા બે સાધુ સાથે રહેવું કલ્પે.

૧૦૧. વર્ષાકાળમાં ગણાવચ્છેદકને બે સાધુ સાથે રહેવું ન કલ્પે.

૧૦૨. વર્ષાકાળમાં ગણાવચ્છેદકને બીજા ત્રણ સાધુ સાથે રહેવું કલ્પે.

૧૦૩. શિયાળા અને ઉનાળામાં અનેક આચાર્યો–ઉપાધ્યાયોને ગ્રામ યાવત્ રાજધાનીમાં પોત–પોતાની નિશ્રામાં રહેલા એક–એક સાધુને

અને અનેક ગણાવચ્છેદકોને બબ્બે સાધુઓને સાથે રાખીને વિહાર કરવો – વિચરવું કલ્પે છે.

૧૦૪. વર્ષાૠતુમાં અનેક આચાર્યો કે ઉપાધ્યાયોને ગામ યાવત્ રાજધાનીમાં પોત–પોતાના નિશ્રાવર્તી બબ્બે સાધુઓને

અને અનેક ગણાવચ્છેદકોને ત્રણ–ત્રણ સાધુ સાથે રહેવું કલ્પે.

૧૦૫. ગ્રામાનુગ્રામ વિચરતા સાધુ જેને અગ્રણી માનીને વિહાર કરતા હોય તે જો કાળધર્મ પામે તો બાકીના સાધુઓમાં જે સાધુ યોગ્ય હોય તેને અગ્રણી બનાવવા જોઈએ.

જો બીજા કોઈ સાધુ અગ્રણી થવાને યોગ્ય ન હોય અને સ્વયં રત્નાધિકે પણ આચારપ્રકલ્પ અધ્યયન પૂર્ણ ન કરેલ હોય તો તેને માર્ગમાં વિશ્રામને માટે એક રાત્રિ રોકાતા જે દિશામાં અન્ય સ્વધર્મી વિચરતા હોય તે દિશામાં જવું કલ્પે છે.

માર્ગમાં તેને વિચરવાના લક્ષ્યથી રોકાવું કલ્પતું નથી. જો રોગાદિ કારણ હોય તો અધિક રહેવું કલ્પે.

રોગાદિ સમાપ્ત થતા જો કોઈ કહે કે હે આર્ય ! એક કે બે રાત્રિ રોકાઓ. તો ત્યાં તેને એક કે બે રાત્રિ રહેવું કલ્પે છે. પરંતુ તેથી અધિક રહેવું ન કલ્પે.

જો સાધુ ત્યાં વધારે રોકાય તો મર્યાદા ઉલ્લંઘનના કારણે છેદ કે તપ પ્રાયશ્ચિત્ત આવે.

૧૦૬. વર્ષાવાસમાં રહેલ સાધુ, જેને અગ્રણી માનીને રહેલા હોય અને જે તે કાળધર્મ પ્રાપ્ત થઈ જાય તો બાકી સાધુમાં જે સાધુ યોગ્ય હોય તેને પદવી ઉપર સ્થાપવા જોઈએ.

જો બીજા કોઈ સાધુ અગ્રણી થવાને યોગ્ય ન હોય અને સ્વયં રત્નાધિકે પણ આચારપ્રકલ્પ અધ્યયન પૂર્ણ ન કરેલ હોય તો તેને માર્ગમાં વિશ્રામને માટે એક રાત્રિ રોકાતા જે દિશામાં અન્ય સ્વધર્મી વિચરતા હોય તે દિશામાં (ચાતુર્માસમાં પણ વિહાર કરીને) જવું કલ્પે છે.

માર્ગમાં તેને વિચરવાના લક્ષ્યથી રોકાવું કલ્પતું નથી. જો રોગાદિ કારણ હોય તો અધિક રહેવું કલ્પે.

રોગાદિ સમાપ્ત થતા જો કોઈ કહે કે હે આર્ય ! એક કે બે રાત્રિ રોકાઓ. તો ત્યાં તેને એક કે બે રાત્રિ રહેવું કલ્પે છે. પરંતુ તેથી અધિક રહેવું ન કલ્પે.

જો સાધુ ત્યાં વધારે રોકાય તો મર્યાદા ઉલ્લંઘનના કારણે છેદ કે તપ પ્રાયશ્ચિત્ત આવે.

**૧૦૭**. રોગગ્રસ્ત આચાર્ય કે ઉપાધ્યાય કોઈ મુખ્ય સાધુને કહે કે, 'હે આર્ય ! મારા કાળધર્મ પછી અમુક સાધુને મારા પદ ઉપર સ્થાપિત કરજો.' જો આચાર્ય દ્વારા નિર્દિષ્ટ તે સાધુને પદ ઉપર સ્થાપન કરવાને યોગ્ય હોય તો તેને સ્થાપિત કરવો જોઈએ.

જો તે એક પદ ઉપર સ્થાપન કરવાને યોગ્ય ન હોય તો તેને સ્થાપિત કરવા ન જોઈએ. જો સંઘમાં અન્ય કોઈ સાધુને પદ માટે યોગ્ય હોય તો તેમને સ્થાપિત કરવા જોઈએ.

જો સંઘમાં બીજા કોઈ સાધુને પદને યોગ્ય ન હોય તો આચાર્યે કહેલ સાધુને જ તે પદ ઉપર સ્થાપવા જોઈએ. તેમને તે પદ ઉપર સ્થાપિત કર્યા પછી કોઈ ગીતાર્થ સાધુ કહે કે હે આર્ય ! તમે આ પદ માટે અયોગ્ય છો, તેથી આ પદને છોડી દો. એમ કહેતા જો તે ઉક્ત પદને છોડી દે તો છેદ કે તપ પ્રાયશ્ચિત્ત ન આવે.

જો સાધર્મિક સાધુ કલ્પ અનુસાર તેને આચાર્યાદિ પદ છોડવાને માટે ન કહે તો તે બધા સાધર્મિક સાધુ ઉક્ત કારણથી છેદ કે તપ પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે.

**૧૦૮**. સંયમનો પરિત્યાગ કરી જનારા આચાર્ય કે ઉપાધ્યાય કોઈ મુખ્ય સાધુને કહે હે આર્ય! મારા ચાલ્યા ગયા પછી અમુક સાધુને મારા પદ ઉપર સ્થાપિત કરજો, જો આચાર્ય દ્વારા નિર્દિષ્ટ તે સાધુને પદ ઉપર સ્થાપન કરવાને યોગ્ય હોય તો તેને સ્થાપિત કરવો જોઈએ.

જો તે એક પદ ઉપર સ્થાપન કરવાને યોગ્ય ન હોય તો તેને સ્થાપિત કરવા ન જોઈએ. જો સંઘમાં અન્ય કોઈ સાધુને પદ માટે યોગ્ય હોય તો તેમને સ્થાપિત કરવા જોઈએ.

જો સંઘમાં બીજા કોઈ સાધુને પદને યોગ્ય ન હોય તો આચાર્યે કહેલ સાધુને જ તે પદ ઉપર સ્થાપવા જોઈએ. તેમને તે પદ ઉપર સ્થાપિત કર્યા પછી કોઈ ગીતાર્થ સાધુ કહે કે હે આર્ય! તમે આ પદ માટે અયોગ્ય છો, તેથી આ પદને છોડી દો. એમ કહેતા જો તે ઉક્ત પદને છોડી દે તો છેદ કે તપ પ્રાયશ્ચિત્ત ન આવે.

જો સાધર્મિક સાધુ કલ્પ અનુસાર તેને આચાર્યાદિ પદ છોડવાને માટે ન કહે તો તે બધા સાધર્મિક સાધુ ઉક્ત કારણથી છેદ કે તપ પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે.

**૧૦૯**. આચાર્ય કે ઉપાધ્યાય સ્મરણ હોવા છતાં પણ વડી દીક્ષાને યોગ્ય સાધુને ચાર–પાંચ રાત્રિ પછી પણ વડી દીક્ષામાં ઉપસ્થાપિત ન કરે અને તે સમયે જો તે નવદીક્ષિતના કોઈ પૂજ્ય પુરુષની વડી દીક્ષા થવામાં પણ વાર હોય તો તેને છેદ કે તપરૂપ કોઈ પ્રાયશ્ચિત્ત આવતું નથી.

જો તે નવદીક્ષિત કે વડીદીક્ષા લેવા યોગ્ય કોઈ પૂજ્ય પુરુષ ન હોય તો તેમને ચાર–પાંચ રાત્રિ ઉલ્લંઘન કરવાનું છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્ત આવે છે.

**૧૧૦**. આચાર્ય કે ઉપાધ્યાય, સ્મૃતિમાં ન રહેવાથી વડી દીક્ષાને યોગ્ય સાધુને ચાર–પાંચ રાત્રિ પછી પણ વડી દીક્ષામાં ઉપસ્થાપિત ન કરે અને તે સમયે જો તે નવદીક્ષિતના કોઈ પૂજ્ય પુરુષની વડી દીક્ષા થવામાં પણ વાર હોય તો તેને છેદ કે તપરૂપ કોઈ પ્રાયશ્ચિત્ત આવતું નથી.

જો તે નવદીક્ષિત કે વડીદીક્ષા લેવા યોગ્ય કોઈ પૂજ્ય પુરુષ ન હોય તો તેમને ચાર–પાંચ રાત્રિ ઉલ્લંઘન કરવાનું છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્ત આવે છે.

**૧૧૧**. આચાર્ય કે ઉપાધ્યાયને સ્મૃતિમાં રહેલ હોય કે સ્મૃતિમાં રહેલ ન હોય તો પણ વડી દીક્ષાને યોગ્ય સાધુને દશ દિવસ બાદ વડી દીક્ષામાં ઉપસ્થાપિત ન કરે. તે વખતે જો તે નવદીક્ષિતના કોઈ પૂજ્ય પુરુષની વડી દીક્ષા થવામાં વાર હોય તો તેમને છેદ કે તપરૂપ કોઈ પ્રાયશ્ચિત્ત ન આવે.

જો તે નવદીક્ષિતને વડી દીક્ષાને યોગ્ય કોઈ પૂજ્યપુરુષ ન હોય તો તેમને દશ રાત્રિ ઉલ્લંઘન કરવાના કારણે

એક વર્ષ સુધી આચાર્ય યાવત્ ગણાવચ્છેદકને પદ ઉપર નિયુક્ત કરવા ન કલ્પે.

**૧૧૨**. વિશિષ્ટ જ્ઞાનપ્રાપ્તિને માટે જો કોઈ સાધુ પોતાનો ગણ છોડીને બીજા ગણને સ્વીકાર કરી વિચરતો હોય તે સમયે તેને જો કોઈ સ્વધર્મી સાધુ મળે અને પૂછે કે – હે આર્ય ! તમે કોની નિશ્રામાં વિચરો છો ? ત્યારે તે એ ગણમાં જે દીક્ષામાં સૌથી મોટા હોય તેનું નામ કહે.

જો તે ફરી પૂછે કે હે ભદંત ! કયા બહુશ્રુતની મુખ્યતામાં રહેલા છો ? ત્યારે તે ગણમાં જે સૌથી વધુ બહુશ્રુત હોય તેનું નામ કહે તથા જેઓ જેની આજ્ઞામાં રહેવા માટે કહે તેમની આજ્ઞા તથા તેમની સમીપમાં રહીને તેમના જ વચન નિર્દેશાનુસાર 'હું રહીશ' એ પ્રમાણે કહે.

**૧૧૩**. ઘણા સાધર્મિક સાધુ એક સાથે 'અભિનિચારિકા' (અર્થાત વિશિષ્ટ કારણથી અલ્પ સમય માટે સાથે મળીને વિચારવું તે). કરવા ઈચ્છે તો સ્થવિર સાધુને પૂછ્યા વિના તેમ કરવું ન કલ્પે. પરંતુ સ્થવિર સાધુને પૂછીને તેમ કરવું કલ્પે.

જો સ્થવિર સાધુ આજ્ઞા આપે તો તેમને 'અભિનિચારિકા' કરવી કલ્પે. જો સ્થવિર આજ્ઞા ન આપે તો ન કલ્પે. જો સ્થવિરોની આજ્ઞા પ્રાપ્ત કર્યા વિના 'અભિનિચારિકા' કરે તો તે છેદ કે તપ પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે.

**૧૧૪**. ચર્યામાં પ્રવિષ્ટ સાધુ જો ચાર-પાંચ રાત્રિની અવધિમાં સ્થવિરોને જુએ તો તે સાધુઓને તે જ આલોચના તે જ પ્રતિક્મલ અને કલ્પ પર્યન્ત રહેવાને માટે તે અવગ્રહની જ પૂર્વાનુજ્ઞા રહેતી હોય છે.

**૧૧૫**. ચર્યામાં પ્રવિષ્ટ સાધુ જો ચાર-પાંચ રાત્રિ પછી સ્થવિરોને મળે તો તે પુનઃ આલોચના પ્રતિક્રમણ કરે અને આવશ્યક છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્તમાં ઉપસ્થિત થાય.

ભિક્ષુભાવને માટે તેને બીજી વખત અવગ્રહની અનુમતિ લેવી જોઈએ. તે આ પ્રકારે પ્રાર્થના કરે કે, 'હે ભદંત; મિતાવગ્રહમાં વિચરવાને માટે કલ્પ અનુસાર કરવાને માટે ધ્રુવ નિયમોને માટે દૈનિક ક્રિયા કરવાને માટે આજ્ઞા આપો. તથા ફરી આવવાની અનુજ્ઞા આપો. એમ કહીને તે તેમની કાય સ્પર્શના કરે.

**૧૧૬**. ચર્યાથી નિવૃત્ત કોઈ સાધુ જો ચાર-પાંચ રાત્રિની અવધિમાં સ્થવિરોને મળે તો તેમને તે જ આલોચના, તે પ્રતિક્રમણ અને કલ્પ પર્યન્ત રહેવાને માટે તે અવગ્રહની પૂર્વાનુજ્ઞા રહે છે.

**૧૧૭**. ચર્યાથી નિવૃત્ત સાધુ જો ચાર-પાંચ રાત્રિ પછી સ્થવિરોને મળે તો તે પુનઃ આલોચના પ્રતિક્રમણ કરે. આવશ્યક છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્તમાં ઉપસ્થિત થાય.

ભિક્ષુભાવને માટે તેણે બીજીવાર અવગ્રહની અનુમતિ લેવી જોઈએ. તે આ પ્રમાણે પ્રાર્થના કરે કે, 'મને મિતાવ-ગ્રહની યથાલંદકલ્પની ધ્રુવ, નિત્ય, ક્રિયા કરવાની અને ફરી આવવાની અનુમતિ આપો આમ કહીને તે તેમના ચરણને સ્પર્શે.

**૧૧૮**. બે સાધર્મિક સાધુ એક સાથે વિચરતા હોય જેમ કે અલ્પ દીક્ષા પર્યાયવાળા અને અધિક દીક્ષા પર્યાય વાળા તેમાં જો અલ્પ દીક્ષાપર્યાયી શ્રુત સંપન્ન અને શિષ્ય સંપન્ન હોય અને અધિક દીક્ષા પર્યાયી શ્રુત સંપન્ન તથા શિષ્ય સંપન્ન ન હોય તો પણ અલ્પદીક્ષા પર્યાતીએ અધિક દીક્ષા પર્યાયીની વિનય-વૈયાવચ્ચ કરવી, આહાર લાવીને આપવો, સમીપ રહેવું. અલગ વિચરવાને શિષ્ય દેવો-વગેરે કર્તવ્યોનું પાલન કરવું જોઈએ.

**૧૧૯**. બે સાધર્મિક સાધુ સાથે વિચરતા હોય જેમ કે અલ્પદીક્ષા પર્યાયી, અધિક દીક્ષાપર્યાયી જો અધિક પર્યાયી શ્રુત અને શિષ્યોથી સંપન્ન હોય, અલ્પદીક્ષા પર્યાયી તેમ ન હોય. તો અધિક દીક્ષાપર્યાયી તેમ ન હોય. તો અધિક દીક્ષા પર્યાયવાળા ઈચ્છે તો અલ્પ દીક્ષાપર્યાયીની વૈયાવચ્ચ કરે ઈચ્છા ન હોય તો ન કરે. એ પ્રમાણે આહાર દાનાદિમાં પણ જાણવું.

**૧૨૦**. એક સાથે વિચરતા બે સાધુ હોય તો તેઓને પરસ્પર એકબીજાને સમાન સ્વીકારી સાથે વિચરવું ન

કલ્પે. પરંતુ તે બંનેમાં જે રત્નાધિક હોય તે સાધુને પોત–પોતાના અગ્રણી રૂપે સ્વીકારીને સાથે વિચરવું કલ્પે છે.

**૧૨૧**. એક સાથે વિચરતા બે ગણાવચ્છેદક હોય તો તેઓને પરસ્પર એકબીજાને સમાન સ્વીકારી સાથે વિચરવું ન કલ્પે. પરંતુ તે બંનેમાં જે રત્નાધિક હોય તે ગણાવચ્છેદકને પોત–પોતાના અગ્રણી રૂપે સ્વીકારીને સાથે વિચરવું કલ્પે છે.

**૧૨૨**. એક સાથે વિચરતા બે આચાર્ય કે ઉપાધ્યાય હોય. તો તેઓને પરસ્પર એકબીજાને સમાન સ્વીકારી સાથે વિચરવું ન કલ્પે. પરંતુ તે બંનેમાં જે રત્નાધિક હોય તે આચાર્ય–ઉપાધ્યાયને પોત–પોતાના અગ્રણી રૂપે સ્વીકારીને સાથે વિચરવું કલ્પે છે.

**૧૨૩** થી **૧૨૫**. એક સાથે ઘણા જ સાધુ વિચરતા હોય તો તેઓને પરસ્પર સમાન સ્વીકારી વિચરવું ન કલ્પે. પરંતુ જે રત્નાધિક હોય તેમને અગ્રણી સ્વીકારી સાથે વિચરવું કલ્પે.

**૧૨૪**. એક સાથે ઘણા જ ગણાવચ્છેદકો વિચરતા હોય તો તેઓને પરસ્પર સમાન સ્વીકારી વિચરવું ન કલ્પે. પરંતુ જે રત્નાધિક હોય તેમને અગ્રણી સ્વીકારી સાથે વિચરવું કલ્પે.

**૧૨૫**. એક સાથે ઘણા જ આચાર્ય–ઉપાધ્યાયો વિચરતા હોય તો તેઓને પરસ્પર સમાન સ્વીકારી વિચરવું ન કલ્પે. પરંતુ જે રત્નાધિક હોય તેમને અગ્રણી સ્વીકારી સાથે વિચરવું કલ્પે.

**૧૨૬**. ઘણા ભિક્ષુ, ઘણા ગણાવચ્છેદક અને ઘણા આચાર્ય અથવા ઉપાધ્યાયો એક સાથે વિચરતા હોય, તેમને પરસ્પર એકબીજાને સમાન માની વિચરવું ન કલ્પે. કોઈ રત્નાધિકને અગ્રણી સ્વીકારીને વિચરવું કલ્પે.

## વ્યવહારસૂત્રના ઉદ્દેશા-૪ નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૫

**વ્યવહારસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર–૧૨૭થી ૧૪૭ એટલે કે કુલ–૨૧ સૂત્રો છે. તેનો અનુવાદ ક્રમશઃ આ પ્રમાણે–**

૧૨૭. શિયાળા અને ઉનાળામાં પ્રવર્તિની સાધ્વીને એક બીજી સાધ્વી સાથે લઈને વિહાર કરવો ન કલ્પે.

૧૨૮. શિયાળા અને ઉનાળામાં પ્રવર્તિની સાધ્વીને બીજા બે સાધ્વી સાથે લઈને વિહાર કરવો કલ્પે છે.

૧૨૯. શિયાળા અને ઉનાળામાં ગણાવચ્છેદિનીને બીજા બે સાધ્વી સાથે (અર્થાત કુલ ૩ સાધ્વી સાથે) વિહાર કરવો ન કલ્પે.

૧૩૦. શિયાળા અને ઉનાળામાં ગણાવચ્છેદિનીને પરંતુ બીજા ત્રણ સાધ્વી સાથે(અર્થાત કુલ ૪ સાધ્વી સાથે) વિહાર કરવાનું કલ્પે છે.

૧૩૧. વર્ષાવાસ–ચોમાસામાં પ્રવર્તિનીને બીજા બે સાધ્વી સાથે રહીને (અર્થાત કુલ ૩ સાધ્વીને સાથે) રહેવું ન કલ્પે.

૧૩૨. વર્ષાવાસ–ચોમાસામાં પ્રવર્તિનીને બીજા ત્રણ સાધ્વીઓ સાથે ચોમાસામાં રહેવું (અર્થાત કુલ ૪ સાધ્વીને સાથે રહેવું) કલ્પે છે.

૧૩૩. વર્ષાવાસ–ચોમાસામાં ગણાવચ્છેદિનીને બીજા ત્રણ સાધ્વીઓ સાથે રહેવાનું (અર્થાત કુલ ૪ સાધ્વીને સાથે રહેવું) કલ્પતુ નથી.

૧૩૪. વર્ષાવાસ–ચોમાસામાં ગણાવચ્છેદિનીને પરંતુ બીજા ચાર સાધ્વીઓ સાથે રહેવાનું (અર્થાત કુલ ૫ સાધ્વીને સાથે રહેવું) કલ્પે છે.

૧૩૫. શિયાળા અને ઉનાળાની ઋતુમાં

૧. અનેક પ્રવર્તિનીઓને ગામ યાવત્ રાજધાનીમાં પોત–પોતાની નિશ્રામાં બબ્બે સાધ્વીઓને સાથે લઈને

૨. અને અનેક ગણાવચ્છેદિનીઓને ત્રણ ત્રણ બીજા સાધ્વીઓ સાથે લઈને વિહાર કરવો કલ્પે છે.

૧૩૬. વર્ષાવાસ–ચોમાસામાં

૧. અનેક પ્રવર્તિનીઓને ગામ યાવત્ રાજધાનીમાં પોત–પોતાના નિશ્રામાં ત્રણ–ત્રણ બીજા સાધ્વીઓ સાથે લઈને અને

૨. અનેક ગણાવચ્છેદિનીઓને બીજા ચાર–ચાર અન્ય સાધ્વી સાથે લઈને રહેવાનું કલ્પે છે.

૧૩૭. ગ્રામાનુગ્રામ વિચરતા સાધ્વીઓ જેને અગ્રણી માનીને વિહાર કરતા હોય તે કાળધર્મ પામે ત્યારે બાકી સાધ્વીઓમાં જે સાધ્વી યોગ્ય હોય તેને અગ્રણી બનાવવા જોઈએ.

જો કોઈ અન્ય સાધ્વી અગ્રણી થવા યોગ્ય ન હોય અને સ્વયં પણ નિશીથ આદિ અધ્યયન પૂર્ણ કરેલ ન હોય તો તેણે માર્ગમાં એક–એક રાત્રિ રોકાતા જે દિશામાં બીજા સાધર્મિણી સાધ્વીએ વિચરતા હોય તે દિશામાં જવું જોઈએ.

માર્ગમાં તેમને વિચરવાના લક્ષ્યથી રોકાવું ન કલ્પે. જો રોગાદિ કારણ હોય તો રોકાવું કલ્પે છે. રોગાદિ સમાપ્ત થતાં જો કોઈ કહે કે હે આર્યા ! એક કે બે રાત્રિ રોકાઓ તો તેમને એક કે બે રાત્રિ રહેવું કલ્પે. પરંતુ તેનાથી અધિક રહેવું ન કલ્પે.

જો સાધ્વી તેનાથી અધિક રોકાય, તો મર્યાદા ઉલ્લંઘનના કારણે છેદ કે તપ પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે.

૧૩૮. વર્ષાવાસમાં રહેલ સાધ્વી જેને અગ્રણી માનીને રહેલ હોય તે કાળધર્મ પામે તો બાકીના સાધ્વીમાં જે

સાધ્વી યોગ્ય હોય તેને અગ્રણી બનાવવા જોઈએ.

જો કોઈ અન્ય સાધ્વી અગ્રણી થવા યોગ્ય ન હોય અને સ્વયં પણ નિશીથ આદિ અધ્યયન પૂર્ણ કરેલ ન હોય તો તેણે માર્ગમાં એક–એક રાત્રિ રોકાતા જે દિશામાં બીજા સાધર્મિણી સાધ્વીએ વિચરતા હોય તે દિશામાં જવું જોઈએ.

માર્ગમાં તેમને વિચરવાના લક્ષ્યથી રોકાવું ન કલ્પે. જો રોગાદિ કારણ હોય તો રોકાવું કલ્પે છે. રોગાદિ સમાપ્ત થતાં જો કોઈ કહે કે હે આર્યા ! એક કે બે રાત્રિ રોકાઓ તો તેમને એક કે બે રાત્રિ રહેવું કલ્પે. પરંતુ તેનાથી અધિક રહેવું ન કલ્પે.

જો સાધ્વી તેનાથી અધિક રોકાય, તો મર્યાદા ઉલ્લંઘનના કારણે છેદ કે તપ પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે.

૧૩૯. બીમાર પ્રવર્તિની કોઈ પ્રમુખ સાધ્વીને કહે હે આર્ય! મારા કાળધર્મ બાદ અમુક સાધ્વીને મારા પદ ઉપર સ્થાપિત કરવી. જો પ્રવર્તિનીએ કહેલ તે સાધ્વી તે પદે સ્થાપના માટે યોગ્ય હોય તો તેને સ્થાપિત કરવી જોઈએ. જો તે એ પદે સ્થાપન કરવાને યોગ્ય ન હોય તો તેને સ્થાપિત ન કરવી.

જો સમુદાયમાં બીજા કોઈ સાધ્વી તે પદને યોગ્ય હોય તો સ્થાપિત કરવા જોઈએ. જો સમુદાયમાં બીજા કોઈપણ સાધ્વી તે પદને યોગ્ય ન હોય તો પ્રવર્તિનીએ કહેલ સાધ્વીને જ ત્યાં સ્થાપવા.

તેણીને તે પદે સ્થાપિત કર્યા પછી કોઈ ગીતાર્થા સાધ્વી કહે હે આર્ય! તમે આ પદને અયોગ્ય છો, તેથી આ પદ છોડી દો જો તેણી તે પદને છોડી દે તો તે છેદ તપ પ્રાયશ્ચિત્ત પાત્ર ન થાય. જો સાધર્મિણી સાધ્વીઓ કલ્પ અનુસાર તેને પ્રવર્તિની પદ છોડવા ન કહે તો તે બધા સાધ્વીઓ છેદ કે તપ પ્રાયશ્ચિત્ત પાત્ર થાય.

૧૪૦. સંયમનો ત્યાગ કરીને જનારી પ્રવર્તિની કોઈ મુખ્ય સાધ્વીને કહે કે હે આર્ય! હું ચાલી જઉં પછી અમુક સાધ્વીને મારા પદ ઉપર સ્થાપિત કરજો.

જો પ્રવર્તિનીએ કહેલ તે સાધ્વી તે પદે સ્થાપના માટે યોગ્ય હોય તો તેને સ્થાપિત કરવી જોઈએ. જો તે એ પદે સ્થાપન કરવાને યોગ્ય ન હોય તો તેને સ્થાપિત ન કરવી.

જો સમુદાયમાં બીજા કોઈ સાધ્વી તે પદને યોગ્ય હોય તો સ્થાપિત કરવા જોઈએ. જો સમુદાયમાં બીજા કોઈપણ સાધ્વી તે પદને યોગ્ય ન હોય તો પ્રવર્તિનીએ કહેલ સાધ્વીને જ ત્યાં સ્થાપવા.

તેણીને તે પદે સ્થાપિત કર્યા પછી કોઈ ગીતાર્થા સાધ્વી કહે હે આર્ય! તમે આ પદને અયોગ્ય છો, તેથી આ પદ છોડી દો જો તેણી તે પદને છોડી દે તો તે છેદ તપ પ્રાયશ્ચિત્ત પાત્ર ન થાય. જો સાધર્મિણી સાધ્વીઓ કલ્પ અનુસાર તેને પ્રવર્તિની પદ છોડવા ન કહે તો તે બધા સાધ્વીઓ છેદ કે તપ પ્રાયશ્ચિત્ત પાત્ર થાય.

૧૪૧. નવદીક્ષિત, બાલ અને તરુણ સાધ્વીને જો આચારપ્રકલ્પ અધ્યયન ભૂલાઈ જાય તો તેણીને પૂછવું કે હે આર્યા ! તું કયા કારણે આચારપ્રકલ્પ અધ્યયન ભૂલી ગઈ છો, કોઈ કારણથી ભૂલી છો કે પ્રમાદથી? જો તેણી કહે કે કોઈ કારણથી નહીં પણ પ્રમાદથી ભૂલી ગયેલી છું. તો તેણીને તે કારણે જીવન પર્યન્ત પ્રવર્તિની કે ગણાવચ્છેદણી પદ આપવું કે ધારણ કરવું ન કલ્પે.

જો તેણી કહે કે અમુક કારણે વિસ્મૃત થયેલ છે. હવે હું આચારપ્રકલ્પ ફરી કંઠસ્થ કરી લઈશ એમ કહીને કંઠસ્થ કરી લે તો તેને પ્રવર્તિની કે ગણાવચ્છેદણી પદ દેવું કે ધારણ કરવું કલ્પે પરંતુ જો તે આચારપ્રકલ્પ પુનઃ કંઠસ્થ ન કરે તો તેણીને પ્રવર્તિની કે ગણાવચ્છેદણી પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

૧૪૨. નવદીક્ષિત, બાલ, તરુણ સાધુ જો આચારપ્રકલ્પ અધ્યયન ભૂલી જાય તો

તો તેણીને પૂછવું કે હે આર્ય ! તું કયા કારણે આચારપ્રકલ્પ અધ્યયન ભૂલી ગયો છો, કોઈ કારણથી ભૂલ્યો છો કે પ્રમાદથી? જો તે કહે કે કોઈ કારણથી નહીં પણ પ્રમાદથી ભૂલી ગયેલ છું. તો તેને તે કારણે જીવન પર્યન્ત

આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ આપવું કે ધારણ કરવું ન કલ્પે.

જો તેણી કહે કે અમુક કારણે વિસ્મૃત થયેલ છે. હવે હું આચારપ્રકલ્પ ફરી કંઠસ્થ કરી લઈશ એમ કહીને કંઠસ્થ કરી લે તો તેને પ્રવર્તિની કે ગણાવચ્છેદણી પદ દેવું કે ધારણ કરવું કલ્પે પરંતુ જો તે આચારપ્રકલ્પ પુનઃ કંઠસ્થ ન કરે તો તેને પદવીમાં આચાર્ય યાવત્ ગણાવચ્છેદક પદ દેવું કે ધારણ કરવું ન કલ્પે.

૧૪૩. સ્થવિરત્વ પ્રાપ્ત સ્થવિર જો આચારપ્રકલ્પ અધ્યયન ભૂલી જાય તો પણ તેમને આચાર્ય યાવત્ ગણાવ–ચ્છેદક પદ દેવું કે ધારણ કરવું કલ્પે છે. જો તે ફરી યાદ કરી લે તો..

૧૪૪. સ્થવિરત્વ પ્રાપ્ત સ્થવિર તે વિસ્મૃત અધ્યયનને બેઠા, સૂતા, ઉત્તાનાસને કે પડખે સૂઈને પણ તે બે–ત્રણ વખત પૂછીને સ્મરણ કરવું કે પુનરાવૃત્તિ કરવી કલ્પે.

૧૪૫. જો સાધુ–સાધ્વી સાંભોગિક એક માંડલીવાળા. છે, તેમને પરસ્પર એક–બીજાની પાસે આલોચના કરવી ન કલ્પે. જો સ્વપક્ષમાં કોઈ આલોચના સાંભળવાને યોગ્ય હોય તો તેમની પાસે આલોચના કરવી કલ્પે. જો સ્વપક્ષમાં સાંભળવા યોગ્ય ન હોય તો સાધુ–સાધ્વીને પરસ્પર આલોચના કરવી કલ્પે.

૧૪૬. સાંભોગિક સાધુ–સાધ્વીને પરસ્પર વૈયાવચ્ચ કરવી ન કલ્પે. શેષ આલાવો સૂત્ર–૧૪૫ મુજબ જ જાણી લેવો.

૧૪૭. જો કોઈ સાધુ કે સાધ્વીને રાત્રે કે વિકાલે સર્પ ડસે અને તે સમયે સ્ત્રી સાધુની અને પુરુષ સાધ્વીની સર્પ દંશ ચિકિત્સા કરે તો તેમ ઉપચાર કરાવવો તેમને કલ્પે છે. ત્યારે પણ તેમનું સાધુપણું રહે છે. તથા તેઓ પ્રાયશ્ચિત્તને પાત્ર થતા નથી. આ સ્થવિરકલ્પી સાધુઓનો આચાર છે.

જિનકલ્પીને એ રીતે ઉપચાર કરાવવો ન કલ્પે કેમ કે તો જિન કલ્પ ન રહે અને તેઓ પ્રાયશ્ચિત્તને પાત્ર થાય છે. તે જિનકલ્પીનો આચાર છે.

**વ્યવહારસૂત્રના ઉદ્દેશા-૫નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

# ઉદ્દેશો-૬

વ્યવહારસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર–૧૪૮થી ૧૫૯ એટલે કે કુલ–૧૨ સૂત્રો છે. તેનો અનુવાદ ક્રમશઃ આ પ્રમાણે –

૧૪૮. જો કોઈ સાધુ સ્વજનોને ઘેર ગૌચરી જવા ઇચ્છે તો....

સ્થવિરોને પૂછ્યા વિના જવું ન કલ્પે. સ્થવિરોને પૂછીને જવું કલ્પે.

સ્થવિર આજ્ઞા આપે તો સ્વજનોને ઘેર જવું કલ્પે છે અને જો આજ્ઞા ન આપે તો કલ્પતુ નથી.

સ્થવિરોની આજ્ઞા વિના જો સ્વજનોના ઘેર જાય તો છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્તના પાત્ર થાય છે.

અલ્પશ્રુત અને અલ્પ આગમજ્ઞ એકલા સાધુ અને એકલી સાધ્વીને સ્વજનોને ઘેર જવાનું કલ્પતુ નથી. પરંતુ સમુદાયમાં જે બહુશ્રુત અને બહુ આગમજ્ઞ સાધુ હોય તેમની સાથે સ્વજનોને ઘેર જવાનું કલ્પે છે.

એ પ્રમાણે સ્વજનોના ઘેર સાધુના આગમન પૂર્વે જે આહાર અગ્નિ આદિથી દૂર હોય તે લેવો કલ્પે પછી અગ્નિ આદિથી દૂર રખાય તે લેવો ન કલ્પે.

૧૪૯. આચાર્ય અને ઉપાધ્યાયને ગણમાં પાંચ અતિશય કહેવાયેલા છે. જેમ કે આચાર્ય અને ઉપાધ્યાય–

૧. ઉપાશ્રયમાં ધૂળવાળા પગે આવે પછી પોતાના પગોને કપડાંથી પોંછે કે પ્રમાર્જે તો મર્યાદા ભંગ ન થાય.

૨. ઉપાશ્રયમાં મળમૂત્ર ત્યાગે કે શુદ્ધિ કરે.

૩. ઇચ્છા હોય તો વૈયાવચ્ચ કરે, ન ઇચ્છા હોય તો ન કરે તો પણ સશક્ત એવા તેમને મર્યાદા ભંગ ન થાય.

૪. કારણ વિશેષથી જો એક–બે રાત્રિ એકલા રહે.

૫. કારણ વિશેષથી ઉપાશ્રય બહાર પણ એક–બે રાત્રિ એકલા રહે તો મર્યાદાનું ઉલ્લંઘન થતું નથી.

૧૫૦. ગણમાં ગણાવચ્છેદકના બે અતિશય કહેલા છે. જેમ કે

૧. ઉપાશ્રયમાં કે

૨. ઉપાશ્રય બહાર

કારણ વિશેષથી જો એક કે બે રાત્રિ એકલા રહે તો મર્યાદા ઉલ્લંઘન ન થાય.

૧૫૧. ગામ યાવત્ રાજધાનીમાં એક પ્રાકારવાળા એક દ્વારવાળા એક નિષ્ક્રમણ પ્રવેશવાળા ઉપાશ્રયમાં અનેક અકૃતશ્રુત (અર્થાત અલ્પ શ્રુતવાળા) સાધુને એક સાથે રહેવાનું કલ્પતું નથી.

૧૫૨. ગામ યાવત્ રાજધાનીમાં અનેક પ્રાકારવાળા અનેક દ્વારવાળા અનેક નિષ્ક્રમણ–પ્રવેશવાળા ઉપાશ્રયમાં અનેક અનેક અકૃતશ્રુત (અર્થાત અલ્પ શ્રુતવાળા) કે અલ્પજ્ઞ અથવા તો અગીતાર્થ સાધુઓને સાથે રહેવું કલ્પતું નથી.

જો કોઈ આચારપ્રકલ્પધર (અર્થાત ગીતાર્થ) સાધુની નિશ્રા ત્રીજે દિવસે પણ મળી જાય એટલે કે તેમની સાથે ગીતાર્થ સાધુ રહે તો તે છેદ કે તપરૂપ પ્રાયશ્ચિત્તના પાત્ર ન થાય.

જો તેનામાં કોઈ આચારપ્રકલ્પધર ન આવે તો તે મર્યાદા ઉલ્લંઘનને કારણે છેદ કે તપ પ્રાયશ્ચિત્ત પાત્ર બને.

૧૫૩. ગામ યાવત્ રાજધાનીમાં અનેક વાડવાળા અનેક નિષ્ક્રમણ પ્રવેશવાળા ઉપાશ્રયમાં એકલા રહેવું

બહુશ્રુત અને બહુ આગમજ્ઞ સાધુને ન કલ્પે.

૧૫૪. ગામ યાવત્ રાજધાનીમાં એક વાડવાળા એક દ્વારવાળા, એક નિષ્ક્રમણ પ્રવેશવાળા ઉપાશ્રયમાં બહુશ્રુત અને બહુ આગમજ્ઞ સાધુને, બંને સમય જો તેઓ સંયમ ભાવની જાગૃતિ રાખવાપૂર્વક રહે તો તેઓને એકલું રહેવું કલ્પે છે.

૧૫૫. જ્યાં અનેક સ્ત્રી પુરુષો મોહોદયથી મૈથુન સેવન કરતા હોય,

ત્યાં તે જોઈને.

કોઈ સાધુ હસ્તકર્મના સંકલ્પથી કોઈ અચિત્ત સ્રોતમાં શુક્રપુદ્‌ગલ કાઢે તો તેમને અનુદ્‌ઘાતિક માસિક પ્રાયશ્ચિત્ત આવે છે.

જ્યાં અનેક સ્ત્રી-પુરુષો મૈથુન સેવન કરે છે,

ત્યાં જો સાધુ મૈથુન સેવનના સંકલ્પથી કોઈ સચિત્ત સ્રોતમાં શુક્ર પુદ્‌ગલ કાઢે તો તેને અનુદ્‌ઘાતિક ચાતુર્માસિક પ્રાયશ્ચિત્ત આવે.

૧૫૬. ખંડિત, શબલ, ભિન્ન અને સંક્લિષ્ટ આચારવાળી બીજા ગણથી આવેલી સાધ્વીને

સેવિત દોષની આલોચના પ્રતિક્રમણ નિંદા, ગર્હા, વ્યુત્સર્ગ અને આત્મ શુદ્ધિ ન કરાવી લે અને

ભવિષ્યમાં પુનઃ પાપ સ્થાન સેવન ન કરવાની પ્રતિજ્ઞા કરાવીને દોષાનુરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકાર ન કરાવી લે,

ત્યાં સુધી સાધુ અને સાધ્વીઓને તેણીને ફરી...

૧. ચારિત્રમાં ઉપસ્થાપિત કરવાનું.

૨. તેની સાથે સાંભોગિક માંડલી. વ્યવહાર કરવો.

૩. તેણીને સાથે રાખવી.

આ ત્રણેમાંથી કશું કલ્પે નહીં.

તેણીને અલ્પકાલ માટે દિશા કે અનુદિશાનો નિર્દેશ કરવો કે ધારણ કરવાનું પણ કલ્પતું નથી.

૧૫૭. જો અન્ય ગણથી આવેલ સાધ્વી હોય તો યાવત્ સ્થાનની આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા, વ્યુત્સર્ગ, નિશુદ્ધિ કરે, ફરી પાપકર્મ ન કરવા માટે ઉદ્યત થાય.

તો તેમને યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત તપોકર્મનો સ્વીકાર કરાવીને ઉપ-સ્થાપિત કરવા કે ધારણ-સ્વીકાર કરવાનું કલ્પે છે.

૧૫૮. ખંડિત યાવત્ સંક્લિષ્ટ આચારવાળા હોય અને અન્ય ગણથી આવેલ હોય એવા સાધુને-

સેવિત દોષની આલોચના પ્રતિક્રમણ નિંદા, ગર્હા, વ્યુત્સર્ગ અને આત્મ શુદ્ધિ ન કરાવી લે અને

દોષાનુરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકાર ન કરાવી લે ત્યાં સુધી સાધુ અને સાધ્વીઓએ તેને ફરી,

૧. ચારિત્રમાં ઉપસ્થાપિત કરવો.

૨. તેની સાથે સાંભોગિક માંડલી વ્યવહાર કરવો.

૩. તેને સાથે રાખવો.

આ ત્રણમાંથી કશું કલ્પે નહીં.

તેણીને અલ્પકાળ માટે દિશા કે અનુદિશાનો નિર્દેશ કરવો કે ધારણ કરવાનું પણ કલ્પતું નથી.

૧૫૯. પરંતુ જો કોઈ સાધુ અન્યગણથી આવેલ હોય તે ભલે ખંડિત આચારાદિ વાળો પણ હોય–

તો પણ સાધુ–સાધ્વીઓ તે સાધુને જો,

૧. તે દોષ સ્થાનની આલોચના, પ્રતિક્રમણ કરાવે,

૨. યથાયોગ્ય પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરાવે,

૩. ફરી તે પાપ ન કરવા માટે ઉદ્યત પણ થાય,

તો તે સાધુને ઉપસ્થાપિત કરવાનું સાંભોગિક કરવાનું અર્થાત્ તેની સાથે માંડલી વ્યવહાર કરવાનું કે તેની સાથે વસવાનું કલ્પે છે.

તેને અલ્પકાલિક દિશા કે અનુદિશાનો નિર્દેશ કરવો કે ધારણ કરવાનું પણ કલ્પે છે.

## વ્યવહારસૂત્રના ઉદ્દેશા-૬નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૭

વ્યવહારસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર–૧૬૦થી ૧૮૬ એટલે કે કુલ–૨૭ સૂત્રો છે. તેનો અનુવાદ ક્રમશઃ આ પ્રમાણે–

**૧૬૦.** જે સાધુ–સાધ્વી સાંભોગિક એક માંડલીવાળા છે. તેમાં

કોઈ સાધુ પાસે, કોઈ બીજા ગણથી ખંડિત યાવત્ સંક્લિષ્ટ આચારવાળી સાધ્વી આવે તો સાધુને પૂછ્યા સિવાય અને તેના પૂર્વ સેવિત દોષોની આલોચના યાવત્ દોષાનુરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકાર કરાવ્યા વિના

તેને પ્રશ્ન પૂછવા, વાંચવા દેવી, ચારિત્રમાં ફરી ઉપસ્થાપિત કરવા, તેની સાથે બેસીને ભોજન કરવું અને સાથે રાખવાનું કલ્પતુ નથી

તથા તેને અલ્પકાળ માટે દિશા કે અનુદિશાનો નિર્દેશ કરવો કે ધારણ કરવા પણ ન કલ્પે.

**૧૬૧.** નિર્ગ્રન્થની પાસે જો કોઈ અન્યગણથી ખંડિત યાવત્ સંક્લિષ્ટ આચારવાળી સાધ્વી આવે તો સાધુને પૂછીને સેવિત દોષની આલોચના યાવત્ દોષ અનુરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારવી તેને પ્રશ્ન પૂછવા યાવત્ સાથે રાખવાનું કલ્પે છે. તથા થોડા દિવસ માટે તેના આચાર્યાદિની નિશ્રાનો નિર્દેશ કરવો કે ધારણ કરવો કલ્પે છે.

**૧૬૨.** નિર્ગ્રન્થની પાસે જો કોઈ અન્યગણથી ખંડિત યાવત્ સંક્લિષ્ટ આચારવાળી સાધ્વી આવે તો સાધ્વીઓને પૂછીને કે પૂછ્યા સિવાય પણ તેણીએ સેવિત દોષની આલોચના યાવત્ દોષ અનુરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારવી તેને પ્રશ્ન પૂછવા યાવત્ સાથે રાખવાનું કલ્પે છે.

પરંતુ જો સાધ્વીઓ તેને રાખવા ન ઇચ્છે તો તેણીને તેના ગણમાં ફરી ચાલ્યા જવું પડે.

**૧૬૩.** જે સાધુ–સાધ્વી સાંભોગિક છે. તેમાં નિર્ગ્રન્થને પરોક્ષમાં સાંભોગિક વ્યવહાર બંધ કરીને તેમને વિસંભોગી કરવા કલ્પે છે. તેમને પ્રત્યક્ષ કહે કે–

હે આર્ય ! હું અમુક કારણથી તમારી સાથે સાંભોગિક વ્યવહાર બંધ કરીને તને વિસંભોગી કરું છું.' એમ કહેવાથી જો તે પશ્ચાત્તાપ કરે તો પ્રત્યક્ષમાં પણ તેને વિસંભોગી કરવો ન કલ્પે.

પણ જો તે પશ્ચાત્તાપ ન કરે તો પ્રત્યક્ષમાં તેની સાથે વ્યવહાર બંધ કરી વિસંભોગી કરવો કલ્પે છે.

**૧૬૪.** જે સાધુ–સાધ્વી સાંભોગિક છે. તેમાં સાધ્વીને પ્રત્યક્ષમાં માંડલી વ્યવહાર બંધ કરી વિસંભોગી કરવી ન કલ્પે. પરંતુ પરોક્ષમાં વિસંભોગી કરવી કલ્પે છે.

જ્યારે તે પોતાના આચાર્ય કે ઉપાધ્યાય પાસે જાય ત્યારે તેમને એમ કહે કે–

હું અમુક સાધ્વી સાથે અમુક કારણે પરોક્ષ રૂપમાં સાંભોગિક વ્યવહાર બંધ કરી તેને વિસંભોગી કરવા ઇચ્છું છું. ત્યારે તે સાધ્વી જો પશ્ચાત્તાપ કરે તો તેની સાથે પરોક્ષમાં પણ સાંભોગિક વ્યવહાર બંધ કરીને તેને વિસંભોગી કરવી ન કલ્પે.

પશ્ચાત્તાપ ન કરે તો કલ્પે.

૧૬૫. સાધ્વીને પોતાની શિષ્યા બનાવવા માટે દીક્ષાદેવી, મુંડિત કરવી. શિક્ષિત કરવી, ચારિત્રમાં પુનઃ ઉપ–સ્થાપિત કરવી, તેની સાથે રહેવું, સાથે બેસીને ભોજન કરવા માટે નિર્દેશ કરવો નિર્ગ્રન્થ ન કલ્પે તથા અલ્પકાળને માટે તેને દિશા કે અનુદિશાનો નિર્દેશ કરવો અને તેને ધારણ કરવાનું ન કલ્પે.

૧૬૬. બીજા સાધ્વીની શિષ્યા બનાવવાને માટે કોઈ સાધ્વીને દીક્ષા દેવું યાવત્ ધારણ કરવાનું સાધુને કલ્પે.

૧૬૭. સાધુને પોતાનો શિષ્ય બનાવવા માટે દીક્ષા દેવી યાવત્ સાથે બેસીને ભોજન કરવાને માટે નિર્દેશ કરવો, સાધ્વીને કલ્પતો નથી

તથા અલ્પકાલને માટે તેની દિશા કે અનુદિશાનો નિર્દેશ કરવો તથા ધારણ કરવું ન કલ્પે.

૧૬૮. સાધુને બીજા સાધુનો શિષ્ય બનાવવા માટે દીક્ષાદેવી સાથે બેસી ભોજન કરવાને માટે નિર્દેશ કરવો સાધ્વીને કલ્પે છે.

તથા અલ્પકાળને માટે તેની દિશા કે અનુદિશાનો નિર્દેશાદિ કલ્પે છે.

૧૬૯. સાધ્વીને દૂર રહેલ પ્રવર્તિની કે ગુરુણીને ઉદ્દેશ કરવો કે ધારણ કરવું ન કલ્પે.

૧૭૦. સાધુને દૂર રહેલ આચાર્ય કે ગુરુ આદિનો ઉદ્દેશ કરવો ને ધારણ કરવું કલ્પે છે.

૧૭૧. સાધુઓમાં જો પરસ્પર કલહ થઈ જાય તો તેને દૂર ક્ષેત્રમાં રહીને જ ઉપશાંત થવું કે ક્ષમાયાચના કરવી ન કહ્યા.

૧૭૨. સાધ્વીઓમાં જો પરસ્પર કલહ થઈ જાય તો તેને દૂરવર્તી ક્ષેત્રમાં રહીને પણ ઉપશાંત થવું કે ક્ષમા યાચના કરવી કલ્પે છે.

૧૭૩. સાધુને વ્યતિકૃષ્ટ કાળમાં ઉત્કાલિક આગમના સ્વાધ્યાયકાળમાં કાલિક આગમનો સ્વાધ્યાય ન કલ્પે.

૧૭૪. સાધુની નિશ્રામાં સાધ્વીને વ્યતિકૃષ્ટ કાળમાં પણ સ્વાધ્યાય કરવો કલ્પે.

૧૭૫. સાધુ અને સાધ્વીને અસ્વાધ્યાય કાળમાં સ્વાધ્યાય કરવો કલ્પતો નથી.

૧૭૬. સાધુ અને સાધ્વીને સ્વાધ્યાય કાળમાં સ્વાધ્યાય કરવાનું કલ્પે છે (સ્વાધ્યાય કાળ અન્યત્રથી જાણવો)..

૧૭૭. સાધુ અને સાધ્વીને સ્વશરીર સંબંધી અસ્વાધ્યાય હોય તો સ્વાધ્યાય કરવો ન કલ્પે.

પરંતુ પરસ્પર એકબીજાને વાચના આપવી કલ્પે છે.

૧૭૮. ત્રીશ વર્ષના શ્રમણપર્યાય વાળા સાધ્વીને, ઉપાધ્યાયના રૂપમાં ત્રણ વર્ષના શ્રમણપર્યાયવાળા સાધુને સ્વીકારવા કલ્પે.

૧૭૯. સાંઈઠ વર્ષના શ્રમણપર્યાય વાળા સાધ્વીને, આચાર્ય અથવા ઉપાધ્યાય રૂપે પાંચ વર્ષના શ્રમણપર્યાય વાળા સાધુનો સ્વીકાર કરવો કલ્પે છે.

૧૮૦. ગ્રામાનુગ્રામ વિહાર કરતા સાધુ જો અકસ્માત માર્ગમાં મૃત્યુને પ્રાપ્ત થઈ જાય અને તેના શરીરને કોઈ સાધુ જુએ અને એમ જાણે કે અહીં કોઈ ગૃહસ્થ નથી તો...

તે મૃત સાધુના શરીરને એકાંત નિર્જીવ ભૂમિમાં પ્રતિલેખન અને પ્રમાર્જના કરીને પરઠવવાનું કલ્પે છે –

જો તે મૃત શ્રમણના કોઈ ઉપકરણ ઉપયોગમાં લેવા યોગ્ય હોય તો તેને સાગારકૃત ગ્રહણ કરી ફરી આચાર્યાદિની આજ્ઞા લઈને ઉપયોગમાં લેવાનું કલ્પે છે.

૧૮૧. શય્યાદાતા જો ઉપાશ્રયને ભાડે આપે અને ભાડે લેનાર વ્યક્તિ એમ કહે કે 'આટલા આટલા સ્થાનમાં' સાધુ રહે છે.

આ પ્રમાણે કહેનાર ગૃહસ્વામી સાગરિક છે. તેથી તેના ઘેર આહારાદિ લેવા કલ્પતા નથી.

જો શય્યાતર કંઈ ન કહે, પણ ભાડે લેનાર કહે તો તે શય્યાતર છે, તેથી પરિહાર્ય છે.

જો ભાડે લેનાર અને દેનાર બંને કહે તો બંને શય્યાતર છે તેથી બંને પરિહાર્ય છે.

૧૮૨. શય્યાતર જો ઉપાશ્રય વેચે અને ખરીદનારને એમ કહે કે 'આટલા–આટલા સ્થાનમાં શ્રમણ નિર્ગ્રન્થ રહે છે' તો તે શય્યાતર પરિહાર્ય છે.

વેચનાર ન કહે અને ખરીદનાર કહે તો તે શય્યાતર છે.

વેચનાર–ખરીદનાર બંને કહે તો બંને શય્યાતર છે.

૧૮૩. પિતાના ઘેર જીવન વિતાવતી વિધવાની પણ આજ્ઞા લઈ શકાય છે. તો પછી પુત્ર, ભાઈ કે પિતાની આજ્ઞા લઈ શકાય તેમાં તો વિચારવાનું જ શું હોય ?

૧૮૪. જો માર્ગમાં રોકાવાનું હોય તો તે સ્થાનની પણ આજ્ઞા ગ્રહણ કરવી જોઈએ.

૧૮૫. રાજાના મૃત્યુ પછી નવા રાજાનો અભિષેક હોય પરંતુ અવિભક્ત અને શત્રુઓ દ્વારા અનાક્રાંત રહે, રાજવંશ અવિચ્છિન્ન રહે અને રાજ્ય વ્યવસ્થા પૂર્વવત રહે તો સાધુ–સાધ્વીઓને માટે પૂર્વગ્રહીત આજ્ઞા જ અવસ્થિત રહે છે.

૧૮૬. રાજાના મૃત્યુ પછી નવા રાજાનો અભિષેક હોય અને તે સમયે રાજ્ય વિભક્ત થઈ જાય, કે શત્રુ દ્વારા આક્રાંત થઈ જાય, રાજવંશ વિચ્છિન્ન થઈ જાય કે રાજ્ય વ્યવસ્થા પરિવર્તિત થઈ જાય તો સાધુ–સાધ્વીને સંયમ–મર્યાદાની રક્ષા માટે ફરીવાર આજ્ઞા લેવી જોઈએ.

## વ્યવહારસૂત્રના ઉદ્દેશા-૭નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૮

**વ્યવહારસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર–૧૮૭થી ૨૦૨ એટલે કે કુલ–૧૬ સૂત્રો છે. તેનો અનુવાદ ક્રમશઃ આ પ્રમાણે–**

૧૮૭. શિયાળા કે ઉનાળામાં કોઈને ઘેર રોકાવા માટે રહેલ સાધુ તે ઘરના કોઈ વિભાગના સ્થાનમાં

જે–જે અનુકૂળ સ્થાન કે સંથારો મળે તે તે હું ગ્રહણ કરું.' આવો સંકલ્પ હોય તો પણ...

જો સ્થવિર તે સ્થાન માટે આજ્ઞા આપે તો ત્યાં શય્યા–સંથારો ગ્રહણ કરવો કલ્પે.

જો સ્થવિર આજ્ઞા ન આપે ત્યાં શય્યા–સંથારો ગ્રહણ કરવો ન કલ્પે. સાધુને રત્નાધિકના અર્થાત નાના–મોટાના ક્રમે શય્યા–સંથારો ગ્રહણ કરવો કલ્પે છે.

૧૮૮. શ્રમણ યથાસંભવ હલકા વજનના શય્યા–સંથારાને શોધે. તે એક હાથે લાવી શકાય તેટલો હલકો હોવો જોઈએ.

તેવો સંથારો એક–બે–ત્રણ દિવસ સુધી તો વસતીથી ગવેષણા કરીને લાવી શકાય છે, એવા પ્રયોજનથી કે મને આ સંથારો શિયાળા કે ઉનાળામાં કામ આવશે.

૧૮૯. શ્રમણ યથાસંભવ હલકા વજનના શય્યા–સંથારાને શોધે યાવત્ તે વસતીથી કે નિકટની બીજી વસતીથી શોધીને લાવી શકે યાવત્ તે ચોમાસામાં કામ આવશે.

૧૯૦. શ્રમણ યથાસંભવ હલકા વજનના શય્યા–સંથારાને શોધે યાવત્ તે વસતીથી કે બીજી ફરતી વસતીથી ગવેષણા કરીને લાવી શકે જે સંથારો વૃદ્ધાવાસમાં કામ આવે.

૧૯૧. સ્થવિર અવસ્થાને પ્રાપ્ત સ્થવિરોને...

દંડ, ભાંડ, છત્ર, માત્રક, લાઠી, કાષ્ઠાસન, વસ્ત્ર, વસ્ત્રની ચિલિમિલિકા ચર્મ, ચર્મકોષ, ચર્મ પરિચ્છેદનક અવિરહિત સ્થાને રાખીને ગૃહસ્થના ઘેર આહાર માટે જવું–આવવું કલ્પે છે.

ગૌચરી લઈ પછી પાછા ફરતા જેની દેખરેખમાં દંડ આદિ રાખેલા હોય તેની ફરીવાર આજ્ઞા લઈ ગ્રહણ કરવા સાધુને કલ્પે છે.

૧૯૨. સાધુ–સાધ્વીઓને બહારથી લાવેલ પ્રતિહારિક શય્યા–સંથારો કે શય્યાતરના શય્યા–સંસ્તારક બીજી વખત આજ્ઞા લીધા વિના બીજે લઈ જવું ન કલ્પે.

૧૯૩. સાધુ–સાધ્વીને બહારથી લાવેલ પ્રતિહારિક કે શય્યાતરના શય્યા–સંસ્તારક બીજી વખત આજ્ઞા લઈને જ બહાર બીજે સ્થાને લઈ જવા કલ્પે છે.

૧૯૪. સાધુ–સાધ્વીને બહારથી લાવેલ પ્રતિહારિક કે શય્યાતરના શય્યા સંસ્તારક સર્વથા સોંપ્યા પછી બીજી વખત આજ્ઞા લીધા વિના કામમાં લેવા ન કલ્પે.

૧૯૫. સાધુ–સાધ્વીને બહારથી લાવેલ પ્રતિહારિક કે શય્યાતરના શય્યા–સંસ્તારક સર્વથા સોંપ્યા પછી બીજી વખત આજ્ઞા લઈને કામમાં લેવા કલ્પે છે.

**૧૯૬**. સાધુ–સાધ્વીને પહેલા શય્યા સંસ્તારક ગ્રહણ કરવા અને પછી તેની આજ્ઞા લેવી ન કલ્પે.

**૧૯૭**. સાધુ–સાધ્વીને પહેલા આજ્ઞા લેવી અને પછી શય્યા સંથારો ગ્રહણ કરવો કલ્પે છે.

જો એમ જાણે કે સાધુ–સાધ્વીને અહીં પ્રતિહારિક શય્યા સંથારો સુલભ નથી તો પહેલાં સ્થાન કે શય્યા સંથારો ગ્રહણ કરી પછી તેની આજ્ઞા લેવી કલ્પે છે,

પણ જો તેમ કરતા સંયતો અને શય્યાદિના સ્વામી મધ્યે કોઈ કલહ થઈ જાય તો આચાર્ય અનુકૂળ વચનો બોલીને તે વસતીના સ્વામીને અનુકૂળ કરે.

**૧૯૮**. સાધુ, ગૃહસ્થના ઘેર આહારને માટે પ્રવેશ કરે અને ક્યાંક તેનું કોઈ લઘુ ઉપકરણ પડી જાય,

તે ઉપકરણને જો કોઈ સાધર્મિક સાધુ જુએ તો...

જેનું આ ઉપકરણ છે તેને આપીશ' એ ભાવનાથી લઈને જાય અને જ્યાં કોઈ સાધુને જુએ ત્યાં કહે કે– ' હે આર્ય ! આ ઉપકરણને ઓળખો છો ? '

જો તે કહે ' હા ઓળખું છું' તો તે ઉપકરણ આપી દે પણ

જો તે એમ કહે કે ' હું જાણતો નથી' તો તે ઉપકરણનો સ્વયં ઉપયોગ ન કરે.

ન કોઈને આપે પણ એકાંતમાં પાસુક ભૂમિમાં પરઠવે.

**૧૯૯**. સ્વાધ્યાયભૂમિમાં કે ઉચ્ચાર–પ્રસ્રવણ ભૂમિમાં આવતા જતા સાધુનું કોઈ લઘુ ઉપકરણ પડી જાય, તે ઉપકરણને જો કોઈ સાધર્મિક સાધુ જુએ તો...

જેનું ઉપકરણ છે, તેને આપીશ' એ ભાવનાથી લઈને જાય અને જ્યાં કોઈ સાધુને જુએ ત્યાં કહે કે– હે આર્ય ! આ ઉપકરણને ઓળખો છો ? '

જો તે કહે ' હા ઓળખું છું' તો તે ઉપકરણ આપી દે પણ

જો તે એમ કહે કે ' હું જાણતો નથી' તો તે ઉપકરણનો સ્વયં ઉપયોગ ન કરે.

ન કોઈને આપે પણ એકાંતમાં પાસુક ભૂમિમાં પરઠવે.

**૨૦૦**. ગ્રામાનુગ્રામ વિહાર કરતા સાધુનું કોઈ ઉપકરણ પડી જાય તે ઉપકરણને જો કોઈ સાધર્મિક સાધુ જુએ ' આ જેનું ઉપકરણ છે તેને આપી દઈશ' એવી ભાવનાથી તેને ગ્રહણ કરે.

લઈને જાય અને જ્યાં કોઈ સાધુને જુએ ત્યાં કહે કે– ' હે આર્ય ! આ ઉપકરણને ઓળખો છો ? '

જો તે કહે ' હા ઓળખું છું' તો તે ઉપકરણ આપી દે પણ

જો તે એમ કહે કે ' હું જાણતો નથી' તો તે ઉપકરણનો સ્વયં ઉપયોગ ન કરે.

ન કોઈને આપે પણ એકાંતમાં પાસુક ભૂમિમાં પરઠવે.

**૨૦૧**. સાધુ–સાધ્વીને એક બીજાને માટે વધારાના પાત્રા ઘણે દૂર સુધી લઈ જવાનું કલ્પે છે.

તે ધારણ કરી લેશે, હું રાખી લઈશ અથવા બીજા કોઈને આવશ્યકતા હશે તો તેને આપી દઈશ.'

આ પ્રમાણે જેના નિમિત્તે પાત્ર લીધું હોય તેને લેવાને માટે પૂછ્યા સિવાય, નિમંત્રણા કર્યા વિના, બીજાને આપવું કે નિમંત્રણા કરવી કલ્પતી નથી.

તેમને પૂછીને અને નિમંત્રણા કરીને પછી બીજા કોઈને દેવું કે નિમંત્રણા કરવી કલ્પે છે.

**૨૦૨**. પોતાના મુખ પ્રમાણ આઠ કવલ આહાર કરવાથી અલ્પાહાર કહેવાય છે.

પોતાના મૂળ પ્રમાણ બાર કવલ આહાર કરવાથી કંઈક અધિક અર્ધ ઉણોદરિકા કહેવાય છે.

પોતાના મુખ પ્રમાણ સોળ કવલ આહાર કરવાથી બે ભાગ પ્રાપ્ત આહાર અને (બે ભાગ પ્રાપ્ત) અર્ધ ઉણોદરી કહેવાય છે.

ચોવીશ કવલ આહાર કરવાથી એક ભાગ ઉણોદરી કહેવાય છે. **૩૧** કવલ આહારથી કંઈક ઉણોદરી કહેવાય છે. બત્રીશ કવલથી પ્રમાણ પ્રાપ્ત આહાર કહેવાય છે.

## વ્યવહારસૂત્રના ઉદ્દેશા-૮નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૯

**વ્યવહારસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર–૨૦૩થી ૨૪૮ એટલે કે કુલ–૪૬ સૂત્રો છે. તેનો અનુવાદ ક્રમશઃ આ પ્રમાણે–**

**૨૦૩**. શય્યાતરને ત્યાં કોઈ આગંતુકને માટે આહાર બનાવાયેલ હોય તે આહાર,

પ્રાતિહારિક દેવાયેલ હોય(અર્થાત વધે તો શય્યાતરને પાછો આપવાની શરતે આપ્યો હોય)

તે ઘરની અંદરના ભાગે જમતો હોય તે આહારમાંથી તે આગંતુક, સાધુને આપે (વહોરાવે) તો સાધુને લેવો કલ્પે નહીં.

**૨૦૪**. શય્યાતરને ત્યાં કોઈ આગંતુકને માટે આહાર બનાવાયેલ હોય તે આહાર,

અપ્રાતિહારિક દેવાયેલ હોય (અર્થાત સંપૂર્ણપણે તે આગંતુકને આપી દીધેલ હોય)

તે ઘરની અંદરના ભાગે જમતો હોય તે આહારમાંથી તે આગંતુક, સાધુને આપે (વહોરાવે) તો સાધુને લેવો કલ્પે છે.

**૨૦૫**. શય્યાતરને ત્યાં કોઈ આગંતુકને માટે આહાર બનાવાયેલ હોય તે આહાર,

પ્રાતિહારિક ખાવાને માટેદેવાયેલ હોય(અર્થાત ફક્ત વાપરવાની શરતે આપ્યો હોય)

તે ઘરની બહારના ભાગે જમતો હોય તે આહારમાંથી તે આગંતુક, સાધુને આપે (વહોરાવે) તો સાધુને લેવો કલ્પે નહીં.

**૨૦૬**. શય્યાતરને ત્યાં કોઈ આગંતુકને માટે આહાર બનાવાયેલ હોય તે આહાર,

અપ્રાતિહારિક દેવાયેલ હોય (અર્થાત તે આગંતુકને સંપૂર્ણપણે વાપરવા માટેઆપી દીધેલ હોય)

તે ઘરની બહારના ભાગે જમતો હોય તે આહારમાંથી તે આગંતુક, સાધુને આપે (વહોરાવે) તો સાધુને લેવો કલ્પે છે.

**૨૦૭**. શય્યાતરના દાસ, પ્રેષ્ય, ભૃતક અને નોકરને માટે આહાર બનાવાયેલ હોય તે પ્રાતિહારિક દેવાયેલ હોય – ઘરમાં બેસી જમતો હોય તે આહારમાંથી સાધુને આપે તો લેવું ન કલ્પે.

**૨૦૮**. શય્યાતરના દાસ, પ્રેષ્ય, ભૃતક અને નોકરને માટે આહાર બનાવાયેલ હોય તે અપ્રાતિહારિક અપાયેલ હોય, ઘરમાં બેસી જમતો હોય તે આહારમાંથી તે સાધુને આપે તો લેવું કલ્પે.

**૨૦૯**. શય્યાતરના દાસ, પ્રેષ્ય, ભૃતક, નોકરને માટે આહાર બનાવાયેલ હોય તેને પ્રતિહારિક અપાયેલ હોય, તે ઘરની બહાર જમતો હોય તેમાંથી સાધુ આપે તો લેવું ન કલ્પે.

**૨૧૦**. શય્યાતરના દાસ, પ્રેષ્ય, ભૃતક, નોકરને માટે આહાર બનાવાયેલ હોય તેને અપ્રાતિહારિક દેવાયેલ હોય, ઘરના બહારના ભાગમાં જમતો હોય તે આહારમાંથી તે સાધુને આપે તો લેવું કલ્પે છે.

**૨૧૧**. શય્યાતરના સ્વજન, શય્યાતરના ઘરમાં, શય્યાતરના એક જ ચુલા ઉપર...

સાગારિકની જ સામગ્રીથી આહાર બનાવીને જીવન નિર્વાહ કરતો હોય જે તે આહારમાંથી સાધુ–સાધ્વીને આપે તો લેવો ન કલ્પે.

**૨૧૨**. શય્યાતરના સ્વજન, શય્યાતરના ઘરમાં, શય્યાતરના...

જુદા ચુલા ઉપર સાગારિકની જ સામગ્રીથી આહારાદિ બનાવીને જમતો હોય અને તે આહાર આપે તો પણ લેવો ન કલ્પે.

૨૧૩. સાગારિકનો સ્વજન સાગારિકના ઘરના બાહ્ય ભાગમાં સાગારિકના ચુલા ઉપર...

સાગારિકની જ સામગ્રીથી આહાર બનાવી જીવન નિર્વાહ કરતો હોય, જો તે આહારમાંથી તે સાધુ-સાધ્વીને આપે તો તેઓને લેવું ન કલ્પે.

૨૧૪. સાગારિકનો સ્વજન સાગારિકના ઘરના બાહ્ય ભાગમાં સાગારિકના ચુલાથી જુદા ચુલા ઉપર...

સાગારિકની જ સામગ્રીથી આહાર બનાવી જીવન નિર્વાહ કરતો હોય, જો તે આહારમાંથી તે સાધુ-સાધ્વીને આપે તો તેઓને લેવું ન કલ્પે.

૨૧૫. સાગારિકનો સ્વજન સાગારિકના ઘરના જુદા ગૃહવિભાગમાં તથા એક નિષ્ક્રમણ - પ્રવેશદ્વાર વાળા ગૃહના બાહ્ય ભાગમાં સાગારિકના ચુલા ઉપર સાગારિકની જ સામગ્રીથી આહાર બનાવીને જીવનનિર્વાહ કરતો હોય જો તે એ આહારમાંથી સાધુ-સાધ્વીને આપે તો તેને લેવો ન કલ્પે.

૨૧૬. સાગારિકનો સ્વજન સાગારિકના ઘરના જુદા ગૃહવિભાગમાં તથા એક નિષ્ક્રમણ - પ્રવેશદ્વાર વાળા ગૃહના બાહ્ય ભાગમાં સાગારિકના ચુલાથી ભિન્ન ચુલા ઉપર સાગારિકની જ સામગ્રીથી આહાર બનાવીને જીવનનિર્વાહ કરતો હોય. જો તે એ આહારમાંથી સાધુ-સાધ્વીને આપે તો તેને લેવો ન કલ્પે.

૨૧૭. સાગારિકનો સ્વજન સાગારિકના ઘરના જુદા ગૃહવિભાગમાં તથા એક નિષ્ક્રમણ-પ્રવેશદ્વાર વાળા ગૃહના બાહ્ય વિભાગમાં ૧. સાગારિકના ચુલા ઉપર સાગારિકની જ સામગ્રીથી આહાર બનાવીને જીવનનિર્વાહ કરતો હોય. તેમાંથી સાધુ-સાધ્વીને આપે તો લેવું ન કલ્પે.

૨૧૮. સાગારિકનો સ્વજન સાગારિકના ઘરના જુદા ગૃહવિભાગમાં તથા એક નિષ્ક્રમણ-પ્રવેશદ્વાર વાળા ગૃહના બાહ્ય વિભાગમાં સાગારિકના ચુલાથી ભિન્ન ચુલા ઉપર સાગારિકની જ સામગ્રીથી આહાર બનાવીને જીવનનિર્વાહ કરતો હોય. તેમાંથી સાધુ-સાધ્વીને આપે તો લેવું ન કલ્પે.

૨૧૯. સાગારિકની ભાગીદારીવાળી તેલની દુકાનમાંથી સાગારિકનો ભાગીદાર સાધુ-સાધ્વીને તેલ આપે તો તેને લેવું ન કલ્પે.

૨૨૦. સાગારિકની ભાગીદારીવાળી તેલની દુકાનમાંથી સાગારિકના હિસ્સા સિવાયનું તેલ તે ભાગીદાર સાધુ-સાધ્વીને આપે તો લેવું કલ્પે.

૨૨૧. સાગારિકની ભાગીદારીવાળી ગોળની દુકાનમાંથી સાગારિકનો ભાગીદાર, ભાગીદારીના હિસ્સાનો ગોળ આપે તો ન કલ્પે.

૨૨૨. સાગારિકની ભાગીદારી વાળી ગોળની દુકાનમાંથી સાગારિકનો ભાગીદાર ભાગીદારીના હિસ્સા સિવાયનો ગોળ આપે તો સાધુ-સાધ્વીને કલ્પે.

૨૨૩. સાગારિકની ભાગીદારી વાળી કરિયાણાની દુકાનમાંથી સાગારિકનો ભાગીદાર, ભાગીદારીના હિસ્સાનું

કરિયાણું આપે તો ન કલ્પે.

**૨૨૪**. સાગારિકની ભાગીદારી વાળી કરિયાણાની દુકાનમાંથી સાગારિકનો ભાગીદાર ભાગીદારીના હિસ્સા સિવાયનું કરિયાણુ આપે તો સાધુ–સાધ્વીને કલ્પે.

**૨૨૫**. સાગારિકની ભાગીદારી વાળી કપડાની દુકાનમાંથી સાગારિકનો ભાગીદાર, ભાગીદારીના હિસ્સાનું કપડું આપે તો ન કલ્પે.

**૨૨૬**. સાગારિકની ભાગીદારી વાળી કપડાની દુકાનમાંથી સાગારિકનો ભાગીદાર ભાગીદારીના હિસ્સા સિવાયનું કપડું આપે તો સાધુ–સાધ્વીને કલ્પે.

**૨૨૭**. સાગારિકની ભાગીદારી વાળી દોરાની દુકાનમાંથી સાગારિકનો ભાગીદાર, ભાગીદારીના હિસ્સાના દોરા આપે તો લેવા ન કલ્પે.

**૨૨૭, ૨૨૮**. સાગારિકની ભાગીદારી વાળી દોરાની દુકાનમાંથી સાગારિકનો ભાગીદાર, સાગારિકના ભાગ સિવાયના દોરા આપે તો લેવા કલ્પે.

**૨૨૯**. સાગારિકની ભાગીદારી વાળી રૂની દુકાનમાંથી સાગારિકનો ભાગીદાર, ભાગીદારીના હિસ્સાનું રૂ આપે તો લેવું ન કલ્પે.

**૨૩૦**. સાગારિકની ભાગીદારી વાળી રૂની દુકાનમાંથી સાગારિકનો ભાગીદાર, સાગારિકના ભાગ સિવાયનું રૂ આપે તો સાધુ–સાધ્વીને લેવું કલ્પે.

**૨૩૧**. સાગારિકની ભાગીદારી વાળી અંધશાળામાંથી સાગારિકનો ભાગીદાર, ભાગીદારીના હિસ્સાનો સુગંધી પદાર્થ આપે તો લેવા ન કલ્પે.

**૨૩૨**. સાગારિકની ભાગીદારી વાળી અંધશાળામાંથી સાગારિકનો ભાગીદાર, સાગારિકના ભાગ સિવાયના સુગંધી પદાર્થ આપે તો સાધુ–સાધ્વીને લેવા કલ્પે.

**૨૩૩**. સાગારિકની ભાગીદારી વાળી ભોજનશાળામાંથી સાગારિકનો ભાગીદાર, ભાગીદારીના હિસ્સાનો આહાર આપે તો લેવો ન કલ્પે.

**૨૩૪**. સાગારિકની ભાગીદારી વાળી ભોજનશાળામાંથી સાગારિકનો ભાગીદાર સાગારિકના ભાગ સિવાયનો આહાર આપે તો સાધુ–સાધ્વીને લેવો કલ્પે.

**૨૩૫**. સાગારિકની ભાગીદારી વાળી ફળોની દુકાનમાંથી સાગારિકનો ભાગીદાર, ભાગીદારીના હિસ્સાના ફળ આપે તો લેવા ન કલ્પે.

**૨૩૬**. સાગારિકની ભાગીદારી વાળી ફળોની દુકાનમાંથી સાગારિકનો ભાગીદાર, સાગારિકના ભાગ કાઢી નંખાયા પછી પોતાના હિસ્સાના ફળ આપે તો સાધુ–સાધ્વીને કલ્પે.

**૨૩૭**. સાત–સાત દિવસીય ભિક્ષાપ્રતિમા ૪૯ અહોરાત્રમાં ૧૯૬ ભિક્ષાદત્તીઓથી સૂત્રાનુસાર યાવત્

જિનાજ્ઞાનુસાર પાલિત થાય.

૨૩૮. આઠ–આઠ દિવસીય ભિક્ષાપ્રતિમા ૬૪ અહોરાત્રમાં ૨૮૮ ભિક્ષાદત્તીઓથી સૂત્રાનુસાર યાવત્ જિનાજ્ઞાનુસાર પાલિત થાય.

૨૩૯. નવ–નવ દિવસીય ભિક્ષાપ્રતિમા ૮૧ અહોરાત્રમાં ૪૦૫ ભિક્ષાદત્તીઓથી સૂત્રાનુસાર યાવત્ જિનાજ્ઞાનુસાર પાલિત થાય.

૨૪૦. દશ–દશ દિવસીય ભિક્ષાપ્રતિમા ૧૦૦–અહોરાત્રમાં ૫૫૦ ભિક્ષાદત્તીઓથી સૂત્રાનુસાર યાવત્ જિનાજ્ઞાનુસાર પાલિત થાય.

૨૪૧. બે પ્રતિમા કહી છે – ૧. લઘુમોક પ્રતિમા ૨. બૃહત્મોક પ્રતિમા.

૨૪૨. લઘુમોક – નાની પ્રસ્રવણ પ્રતિમા શરત્કાળના પ્રારંભે અથવા ગ્રીષ્મકાળના અંતમાં ગામ યાવત્ રાજધાની બહાર વનમાં કે વનકાળમાં, પર્વત–પર્વતદૂર્ગમાં સાધુએ ધારણ કરવી કલ્પે.

જો તે ભોજન કરી તે દિવસે આ પ્રતિમાને ધારણ કરે, તો છ ઉપકરણથી પૂર્ણ કરે, ભોજન કર્યા વિના પ્રતિમા સ્વીકારે તો સાત ઉપવાસથી પૂર્ણ કરે છે. આ પ્રતિમામા સાધુને જેટલી વાર મૂત્ર આવે એટલી વાર પી લેવું જોઈએ. પણ રાત્રિના પીવાનું હોતુ નથી.

કૃમિયુક્ત મૂત્ર આવે તો પીવું નહીં, પણ કૃમિરહિત આવે તે મૂત્ર પીવું જોઈએ. વીર્યસહિત આવે તો નહીં પીવું, વીર્યરહિત આવે તો મૂત્ર પીવું જોઈએ. ચીકણાશયુક્ત હોય તો ન પીવું, ચીકણાશરહિત આવે તો મૂત્ર પીવું જોઈએ. રક્ત કણ સહિત આવે તો ન પીવું, પણ રક્તકણ રહિત હોય તો પીવું જોઈએ. જેટલુ–જેટલુ મૂત્ર આવે તે થોડું હોય કે વધુ તે પીવું જોઈએ.

૨૪૩. મોટી પ્રસ્રવણ પ્રતિમા શરતકાળના પ્રારંભે કે ગ્રીષ્મકાળના અંતમાં ગામ યાવત્ રાજધાની બહાર વન યાવત્ પર્વતદૂર્ગમાં સાધુએ ધારણ કરવી કલ્પે. ભોજનદિને પ્રતિમા ધારણ કરે તો સાત ઉપવાસથી અને ઉપવાસને દિવસે ધારણ કરે તો આઠ ઉપવાસથી આ પ્રતિમા પૂર્ણ કરવી જોઈએ. શેષ સર્વ કથન નાની મોક પ્રતિમા અનુસાર સમજી લેવું.

૨૪૪. દત્તીઓની સંખ્યાનો અભિગ્રહ કરનારો પાત્રધારી સાધુ ગૃહસ્થના ઘેર આહાર માટે પ્રવેશ કરે ત્યારે

૧. આહાર દેનાર ગૃહસ્થ પાત્રમાં જેટલી વાર ઝુકાવીને આહાર આપે, તેટલી જ દત્તીઓ કહેવી જોઈએ,

૨. આહાર દેનારો જો છાબડી, પાત્ર, ચાલણીથી રોકાયા વિના પાત્રમાં ઝુકાવીને આપે, તે બધી એકદત્તી કહેવાય છે.

૩. આહાર દેનાર ગૃહસ્થ જ્યાં અનેક હોય અને બધા પોત–પોતાનો આહાર સામેલ કરી રોકાયા વિના પાત્રમાં ઝુકાવીને આપે તો તે બધી દત્તીને એકદત્તી કહેવી જોઈએ.

૨૪૫. દત્તી સંખ્યા અભિગ્રહધારી કરપાત્રભોજી નિર્ગ્રન્થ ગૃહસ્થના ઘરમાં આહાર માટે પ્રવેશે ત્યારે –

૧. આહાર દેનાર ગૃહસ્થ જેટલી વાર ઝુકાવીને સાધુના હાથમાં આહાર આપે, તેટલી દત્તીઓ કહેવાય.

૨. આહાર દેનારો જો છાબડી, પાત્ર, ચાલણીથી રોકાયા વિના પાત્રમાં ઝુકાવીને આપે, તે બધી એકદત્તી કહેવાય છે.

૩. આહાર દેનાર ગૃહસ્થ જ્યાં અનેક હોય અને બધા પોત–પોતાનો આહાર સામેલ કરી રોકાયા વિના પાત્રમાં ઝુકાવીને આપે તો તે બધી દત્તીને એકદત્તી કહેવી જોઈએ.

૨૪૬. ખાદ્યપદાર્થ ત્રણ પ્રકારના માનેલા છે–
૧. ફલિતોપહૃત – અનેક પ્રકારના વ્યંજનોથી મિશ્રિત ખાદ્યપદાર્થ.
૨. શુદ્ધોપહૃત – વ્યંજનરહિત શુદ્ધ અલેપ્ય ખાદ્યપદાર્થ.
૩. સંસૃષ્ટોપહૃત – વ્યંજનરહિત સલેપ્ય ખાદ્યપદાર્થ.

૨૪૭. અવગૃહીત આહાર ત્રણ પ્રકારનો કહેલ છે–
૧. પીરસવા માટે ગ્રહણ કરાયેલ. ૨. પીરસવા માટે લઈ જવાતો.
૩. વાસણમાં પીરસાતો એવો.
એ પ્રમાણે કેટલાક આચાર્યો આ ત્રણ ભેદ કહે છે.
૨૪૮. પરંતુ કેટલાક આચાર્યો એમ કહે છે કે –
અવગૃહીત આહાર બે પ્રકારે કહેવાયેલ છે. જેમ કે –
૧. પીરસવા માટે ગ્રહણ કરાતો એવો.
૨. વાસણમાં પીરસાયેલો એવો.

** એ પ્રમાણે હું તમને કહું છું.

વ્યવહારસૂત્રના ઉદ્દેશા-૯ નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ

# ઉદ્દેશો-૧૦

વ્યવહારસૂત્રના આ ઉદ્દેશામાં સૂત્ર-૨૪૯થી ૨૮૫ એટલે કે કુલ-૩૭ સૂત્રો છે. તેનો અનુવાદ ક્રમશઃ આ પ્રમાણે-

૨૪૯. બે પ્રતિમાઓ કહેવાયેલ છે-

૧. યવચંદ્ર મધ્ય-પ્રતિમા સ્વીકાર કરનાર સાધુ એક માસ સુધી શરીરના પરિકર્મથી તથા શરીરના મમત્વ રહિત થઈને રહે.

તે સમયે કોઈપણ દેવ, મનુષ્ય, તિર્યંચકૃત અનુકૂળ કે પ્રતિકૂળ પરીષહ અને ઉપસર્ગ ઉત્પન્ન થાય, જેમ કે-

વંદન, નમસ્કાર, સત્કાર, સન્માન, કલ્યાણ-મંગલ-દેવ અને ચૈત્યરૂપ માની કોઈ પર્યુપાસના કરે તે અનુકૂળ ઉપસર્ગ.

પ્રતિકૂળ ઉપસર્ગ - કોઈ દંડ, હડ્ડી, જોત, બેંતાદિથી શરીર ઉપર પ્રહાર કરે, તે આ બધા અનુકૂળ-પ્રતિકૂળ પરીષહ-ઉપસર્ગો પ્રસન્ન કે ખિન્ન ન થઈને સમભાવથી સહન કરે. તે કરનાર પ્રતિ ક્ષમાભાવ ધારણ કરેલ વીરતાપૂર્વક સહે, શાંતિથી સહે.

યવમધ્ય ચંદ્રપ્રતિમા આરાધક સાધુને શુક્લપક્ષની એકમે આહાર અને પાણીની એક-એક દત્તિ ગ્રહણ કરવી કલ્પે.

આહારની આકાંક્ષાવાળા બધા ચતુષ્પદાદિ પ્રાણી આહાર લઈ ચાલ્યા ગયા હોય ત્યારે તેને અજ્ઞાત સ્થાનેથી શુદ્ધ અલ્પ લેપવાળો આહાર લેવો કલ્પે છે.

અનેક શ્રમણ યાવત્ ભિક્ષુક આહાર લઈ ગયા હોય. એક જ વ્યક્તિના ભોજનમાંથી આહાર લેવાનો હોય તો કલ્પે.

શુક્લપક્ષની બીજે પ્રતિમાધારી સાધુને ભોજન અને પાણીની બબ્બે દત્તી લેવી કલ્પે. ત્રીજે ભોજન-પાણીની ત્રણ-ત્રણ દત્તી, ચોથે ચાર-ચાર દત્તી યાવત્ એ પ્રમાણે પૂર્ણિમાના દિવસે ભોજન અને પાણીની ૧૫-૧૫ દત્તીઓ ગ્રહણ કરવી કલ્પે છે.

કૃષ્ણપક્ષની એકમે ભોજન અને પાણીની ૧૪-૧૪ દત્તીઓ ગ્રહણ કરવી કલ્પે છે, બીજને દિવસે ૧૩-૧૩ દત્તીઓ કલ્પે. એ રીતે ઘટતા-ઘટતા યાવત્ ચૌદશે ભોજન-પાણીની એક એક દત્તી લે. અમાસે ઉપવાસ કરે છે.

આ પ્રમાણે આ યવમ દશ ચંદ્ર પ્રતિમા સૂત્રાનુસાર યાવત્ જિનાજ્ઞા અનુસાર પાલન કરાય છે.

૨૫૦. વજમધ્ય ચંદ્ર પ્રતિમા સ્વીકારનાર સાધુ એક માસ સુધી શરીરના પરિકર્મથી તથા શરીરના મમત્વથી રહિત થઈને રહે યાવત્ સૂત્ર-૨૪૯ મુજબ બધું કહેવું. વિશેષ એ કે -

કૃષ્ણપક્ષની એકમે ૧૫-૧૫ દત્તી ભોજન અને પાણીની લેવી કલ્પે છે યાવત્ ડેલીને પગની વચ્ચે રાખીને આપે તો તેનાથી આહાર લેવો કલ્પે છે.

બીજને દિવસે ભોજન-પાણીની ૧૪-૧૪ દત્તી લેવી કલ્પે. ત્રીજને દિવસે ૧૩-૧૩ દત્તીઓ લેવી કલ્પે. એ રીતે ઘટતા-ઘટતા અમાસના દિવસે ભોજન-પાણીની ૧-૧ દત્તી લેવી કલ્પે.

શુક્લપક્ષની એકમે ભોજન-પાણીની બબ્બે દત્તી લેવી કલ્પે. બીજને દિવસે ત્રણ-ત્રણ દત્તી લેવી કલ્પે. એ

રીતે વધતા–વધતા ચૌદશને દિવસે ભોજન–પાણીની ૧૫–૧૫ દત્તી લેવી કલ્પે છે.

પૂર્ણિમાના દિવસે તે ઉપવાસ કરે છે.

આ પ્રમાણે વજ્રમધ્ય ચંદ્ર પ્રતિમા સૂત્રાનુસાર યાવત્ આજ્ઞા અનુસાર પાલન કરાય છે.

૨૫૧. વ્યવહારમાં પાંચ પ્રકારે કહેલ છે, જેમ કે–

૧. આગમ,   ૨. શ્રુત,   ૩. આજ્ઞા,   ૪. ધારણા,   ૫. જીત

૧. જ્યાં આગમજ્ઞાની હોય, ત્યાં તેમના નિર્દેશાનુસાર વ્યવહાર કરે,

૨. જ્યાં આગમજ્ઞાની ન હોય ત્યાં શ્રુતજ્ઞાનીના નિર્દેશાનુસાર વ્યવહાર કરવો,

૩. જ્યાં શ્રુતજ્ઞાની ન હોય ત્યાં ગીતાર્થની આજ્ઞા અનુસાર વ્યવહાર કરવો,

૪. જ્યાં ગીતાર્થની આજ્ઞા ન હોય, ત્યાં સ્થવિરોની ધારણાનુસાર વ્યવહાર કરવો,

૫. જ્યાં સ્થવિરોની ધારણા જ્ઞાન ન હોય ત્યાં સર્વાનુમત પરંપરા અનુસાર વ્યવહાર કરવો અર્થાત્ આ પાંચ વ્યવહારાનુસાર વ્યવહાર કરવો.

આગમજ્ઞાની, શ્રુતજ્ઞાની, ગીતાર્થઆજ્ઞા, સ્થવિરોની ધારણા અને પરંપરા, તેમાંથી જે સમયે જે ઉપલબ્ધ હોય, તે સમયે તેનાથી ક્રમશઃ વ્યવહાર કરવો.

ભગવન્ ! એમ કેમ કહો છો ? સાધુઓ આગમ વ્યવહારની પ્રમુખતાવાળા હોય છે. આ પાંચ પ્રકારના વ્યવહાર માંથી જ્યારે જે–જે વિષયમાં જે–જે વ્યવહાર ઉપલબ્ધ હોય ત્યારે–ત્યારે તે–તે વિષયમાં તે–તે વ્યવહાર મધ્યસ્થ ભાગે કરે તે સાધુ જિનાજ્ઞાનો આરાધક થાય છે.

૨૫૨. ચાર પ્રકારે પુરુષો કહ્યા છે, તે આ પ્રમાણે–

૧. કોઈ સાધુ કાર્ય કરે પણ માન ન કરે.

૨. કોઈ સાધુ માન કરે પણ કાર્ય ન કરે.

૩. કોઈ સાધુ કાર્ય પણ કરે અને માન પણ કરે.

૪. કોઈ કાર્ય પણ ન કરે અને માન પણ ન કરે.

૨૫૩. વળી ચાર પ્રકારે પુરુષો કહ્યા, તે આ પ્રમાણે–

૧. કોઈ ગણનું કામ કરે, માન ન કરે.

૨. કોઈ માન કરે, પણ ગણનું કામ ન કરે.

૩. કોઈ ગણનું કામ કરે અને માન પણ કરે.

૪. કોઈ ગણનું કામ ન કરે, માન પણ ન કરે.

૨૫૪. વળી ચાર પ્રકારે પુરુષો કહ્યા છે–

૧. ગણને માટે સંગ્રહ કરે પણ માન ન કરે.

૨. કોઈ માન કરે પણ ગણ સંગ્રહ ન કરે.

૩. કોઈ માન પણ કરે – ગણ સંગ્રહણ પણ કરે.

૪. કોઈ માન ન કરે, ગણ સંગ્રહ પણ ન કરે.

૨૫૫. ચાર પ્રકારના પુરુષો કહ્યા છે–
૧. કોઈ ગણની શોભા વધારે પણ માન ન કરે,
૨. કોઈ માન કરે, ગણશોભા ન વધારે,
૩. કોઈ માન કરે, ગણની શોભા પણ વધારે,
૪. કોઈ બેમાંથી કશું ન કરે.
૨૫૬. ચાર પ્રકારના પુરુષો કહ્યા છે–

૧. કોઈ ગણની શુદ્ધિ કરે, માન ન કરે.
૨. કોઈ માન કરે પણ ગણની શુદ્ધિ ન કરે,
૩. કોઈ ગણશુદ્ધિ પણ કરે, માન પણ કરે.
૪. કોઈ આ બંનેમાંથી કશું ન કરે.

૨૫૭. ચાર પ્રકારે પુરુષ કહેલ છે–
૧. કોઈ સાધુવેશ છોડે, ધર્મ ન છોડે,
૨. કોઈ ધર્મ છોડી દે પણ સાધુવેશ ન છોડે,
૩. કોઈ ધર્મ પણ છોડે અને સાધુવેશ પણ છોડી દે,
૪. કોઈ ધર્મ પણ ન છોડે, સાધુવેશ પણ ન છોડે.

૨૫૮. વળી ચાર પ્રકારના પુરુષો કહેલ છે–
૧. કોઈ ધર્મ છોડે છે પણ ગણમર્યાદા છોડતા નથી.
૨. કોઈ ગણમર્યાદા છોડી દે છે, પણ ધર્મ નથી છોડતા.
૩. કોઈ બંનેને છોડી દે છે.
૪. કોઈ બેમાંથી એકને છોડતા નથી.

૨૫૯. પુરુષો ચાર પ્રકારે કહેલ છે, જેમ કે–
૧. કોઈ પ્રિયધર્મી હોય, દઢધર્મી ન હોય,
૨. કોઈ દઢધર્મી હોય પણ પ્રિયધર્મી ન હોય,
૩. કોઈ પ્રિયધર્મી હોય, દઢધર્મી પણ હોય,
૪. કોઈ પ્રિયધર્મી ન હોય, દઢધર્મી પણ ન હોય.

૨૬૦. ચાર પ્રકારે આચાર્યો કહલા છે. જેમ કે–
૧. પ્રવ્રજ્યા દેનાર હોય પણ ઉપસ્થાપના ન કરે.
૨. ઉપસ્થાપના કરે પણ પ્રવ્રજ્યા પ્રદાન ન કરે.
૩. ઉપસ્થાપના પણ કરે અને પ્રવ્રજ્યા પણ આપે.
૪. પ્રવ્રજ્યા પણ ન આપે, ઉપસ્થાપના પણ ન કરે.

૨૬૧. ચાર પ્રકારે આચાર્યો કહેલા છે. જેમ કે–
૧. સૂત્રની વાંચના આપે, અર્થની નહીં.
૨. અર્થની વાંચના આપે પણ સૂત્રની નહીં.
૩. સૂત્રની વાંચના પણ આપે અને અર્થની વાંચના પણ આપે.
૪. સૂત્રની વાંચના ન આપે અને અર્થની વાંચના પણ ન આપે.

૨૬૨. શિષ્યો ચાર પ્રકારના કહેલા છે. જેમ કે–
૧. કોઈ પ્રવ્રજ્યા શિષ્ય હોય, પણ ઉપસ્થાપના શિષ્ય ન હોય.
૨. કોઈ ઉપસ્થાપના શિષ્ય હોય, પણ પ્રવ્રજ્યા શિષ્ય ન હોય.
૩. કોઈ પ્રવ્રજ્યા શિષ્ય પણ હોય, ઉપસ્થાપના શિષ્ય પણ હોય.
૪. કોઈ પ્રવ્રજ્યા શિષ્ય ન હોય, ઉપસ્થાપના શિષ્ય પણ ન હોય.

૨૬૩. વળી શિષ્ય ચાર પ્રકારે કહેલા છે. જેમ કે–
૧. કોઈ ઉદ્દેશન શિષ્ય હોય, વાંચના શિષ્ય ન હોય.
૨. કોઈ વાંચના શિષ્ય હોય, ઉદ્દેશન શિષ્ય ન હોય,
૩. કોઈ ઉદ્દેશન અને વાંચના બંનેથી શિષ્ય હોય,
૪. કોઈ ઉદ્દેશના કે વાંચના એકેથી શિષ્ય ન હોય.
છેલ્લા બંને સૂત્રમાં ચોથામાં માત્ર ધર્મોપદેશ પ્રતિબોધિત હોય.

૨૬૪. સ્થવિર ત્રણ પ્રકારના કહેલા છે. જેમ કે–
૧. વય સ્થવિર, ૨. શ્રુત સ્થવિર, ૩. પર્યાય સ્થવિર.

૨૬૫. ત્રણ શૈક્ષ ભૂમિઓ કહેલી છે. તે આ પ્રમાણે–
૧. સપ્તરાત્રિકી, ૨. ચાતુર્માસિકી, ૩. છમાસિકી.

ઉત્કૃષ્ટ છ માસમાં મહાવ્રત આરોપણ કરવા, મધ્યમ ચાર માસમાં અને જઘન્ય સાત આહોરાત્ર પછી મહાવ્રતા–રોપણ કરવું.

૨૬૬. સાધુ–સાધ્વીને આઠ વર્ષથી ઓછી ઉંમરવાળા બાળક–બાલિકાને વડી દીક્ષા દેવી કે તેની સાથે આહાર કરવો ન કલ્પે.

૨૬૭. સાધુ–સાધ્વીને આઠ વર્ષથી અધિક ઉંમરવાળા બાળક–બાલિકાને વડી દીક્ષા દેવી કે આહાર કરવો કલ્પી શકે છે.

૨૬૮. અપ્રાપ્ત યૌવનવાળા બાળક સાધુ કે સાધ્વીને આચાર પ્રકલ્પ ભણાવવું સાધુ કે સાધ્વીને ન કલ્પે.

૨૬૯. યૌવનપ્રાપ્ત સાધુ કે સાધ્વીને આચારપ્રકલ્પ નામક અધ્યયન ભણાવવું સાધુ કે સાધ્વીને કલ્પે છે.

૨૭૦ થી ૨૮૪. અહીં ૧૫ સૂત્રો છે. જેમાં દીક્ષાપર્યાયની સાથે આગમોના અધ્યયનનો ક્રમ જણાય છે. તે આ રીતે–

૧. ત્રણ વર્ષના દીક્ષાપર્યાય વાળા સાધુને આચારપ્રકલ્પ નામે અધ્યયન ભણાવવું કલ્પે.

૨. ચાર વર્ષના દીક્ષાપર્યાય વાળા સાધુને સૂયગડાંગ નામે બીજું અંગસૂત્ર ભણાવવું કલ્પે.

૩. પાંચ વર્ષના દીક્ષાપર્યાય વાળા સાધુને દશાશ્રુતસ્કંધ, કલ્પ બૃહત્કલ્પ. અને વ્યવહાર નામે છેદસૂત્રો ભણાવવા કલ્પે.

૪. આઠ વર્ષના દીક્ષાપર્યાય વાળા સાધુને સ્થાનાંગ અને સમવાયાંગ નામે ત્રીજું–ચોથું અંગસૂત્ર ભણાવવું કલ્પે.

૫. દશ વર્ષના દીક્ષાપર્યાય વાળા સાધુને ભગવતી–વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ નામે પાંચમું અંગસૂત્ર ભણાવવું કલ્પે.

૬. **અગિયાર**–વર્ષવાળાને લઘુવિમાન પ્રવિભક્તિ, મહાવિમાન પ્રવિભક્તિ, અંગચૂલિકા, વર્ગચૂલિકા, વ્યાખ્યાચૂલિકા ભણાવવા કલ્પે.

૭. **બાર**–વર્ષના બાળાને અરુણોપપાત, વરુણોપપાત, ગુરુણોપપાત, ધરણોપપાત, વૈક્ષમણોપપાત, વેલંધરોપપાત ભણાવવા કલ્પે.

૮. **તેર** વર્ષવાળાને ઉત્થાનશ્રુત, સમુત્થાનશ્રુત, દેવેન્દ્ર પરિયાપનિકા, નાગપરિયાપનિકા ભણાવવા કલ્પે.

૯. **ચૌદ** વર્ષવાળાને સ્વપ્રભાવના ભણાવવું કલ્પે.

૧૦. **પંદર**–વર્ષવાળાને ચારણભાવના ભણાવવું કલ્પે.

૧૧. **સોળ** વર્ષવાળાને તેજોનિસર્ગ ભણાવવું કલ્પે.

૧૨. **સત્તર**–વર્ષવાળાને આસીવિષ ભાવના ભણાવવું કલ્પે.

૧૩. **અઢાર**–વર્ષવાળાને દૃષ્ટિવિષ ભાવના ભણાવવું કલ્પે.

૧૪. **ઓગણીસ** વર્ષના દીક્ષાપર્યાય વાળા સાધુને દૃષ્ટિવાદ નામક બારમું સૂત્ર ભણાવવું કલ્પે.

૧૫. **વીશ**–વર્ષના દીક્ષાપર્યાય વાળા સાધુ સર્વશ્રુત ધારણ કરનારો થઈ જાય છે. તેમ જાણ..

૨૮૫. વૈયાવચ્ચના દશ પ્રકારો કહેલા છે. તે આ રીતે–

૧. આચાર્ય વૈયાવચ્ચ, ૨. ઉપાધ્યાય વૈયાવચ્ચ, ૩. સ્થવિર વૈયાવચ્ચ, ૪. તપસ્વી વૈયાવચ્ચ, ૫. શૈક્ષ વૈયાવચ્ચ, ૬. ગ્લાન વૈયાવચ્ચ, ૭. સાધર્મિક વૈયાવચ્ચ, ૮. કુલ વૈયાવચ્ચ, ૯. ગણ વૈયાવચ્ચ અને ૧૦. સંઘ વૈયાવચ્ચ. .....આચાર્ય યાવત્ સંઘ, તે પ્રત્યેકની વૈયાવચ્ચ કરનાર શ્રમણ નિર્ગ્રન્થને મહાનિર્જરા અને મહાપર્યવસાન થાય છે.

**વ્યવહારસૂત્રના ઉદ્દેશા–૧૦ નો મુનિ દીપરત્નસાગરે કરેલ સૂત્રાનુવાદ પૂર્ણ**

## વ્યવહાર-છેદસૂત્ર-૩ આગમ-૩૬નો
## મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि-मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि-मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि-मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र-गुजराती अनुवाद-मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र-इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र-गुजराती अनुवाद-सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र-हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [३] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र-सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति-1** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति-2** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**-1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**-2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ:– 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
Post: - ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नमः

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नमः

આગમ- ૩૬

# વ્યવહાર

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


વેબ સાઈટ:- (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397